મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# યોગમાહાત્મય - બત્રીશી

## એક-પરિશીલન

૨૬

સંકલન

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશક :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલિજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજ-
વિરચિત 'द्वात्रिंशद्-द्वात्रिंशिका' પ્રકરણાંતર્ગત

# યોગમાહાત્મ્ય બત્રીશી-એક પરિશીલન

૨૬

: પરિશીલન :

પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ. આ. ભ. શ્રી. વિ. રામચન્દ્રસૂ. મ. સા.
પટ્ટાલંકાર પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. મુક્તિચન્દ્રસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. અમરગુપ્તસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. આ. ભ. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.


: પ્રકાશન :

**શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

: આર્થિક સહકાર :

**શા. તેજમલ કસ્તુરચંદ**

ભવાનીપેઠ : પૂણે.

# યોગમાહાત્મ્ય બત્રીશી-એક પરિશીલન - ૨૬

આવૃત્તિ - પ્રથમ : પ્રકાશન : વિ. સં. ૨૦૬૧
નકલ - ૧૦૦૦ શ્રી અનેકાન્ત પ્રકાશન- જૈન રીલીજીયસ ટ્રસ્ટ

: પ્રાપ્તિસ્થાન :

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

**પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ,
પં. સોલીસીટર રોડ, મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૭.

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' કબૂતરખાનાની સામે,
છાપરીયા શેરી, મહીધરપુરા, સુરત-૩૯૫૦૦૩.

: આર્થિક સહકાર :

**શા. તેજમલ કસ્તુરચંદ**
ભવાનીપેઠ : પૂણે.

: મુદ્રણ વ્યવસ્થા :

**સન ગ્રાફિક્સ** (સમીવાળા)
૫૭/૬૧, ગુલાલવાડી, બીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૪૬ ૮૬૪૧

**પરિશીલનની પૂર્વે...**

આ પૂર્વે ક્લેશહાનિના ઉપાયોનું વિવેચન કર્યું. આ બત્રીશીમાં ક્લેશહાનિના ઉપાયભૂત યોગનું માહાત્મ્ય વર્ણવાય છે. શાસ્ત્રોનું રહસ્ય, મોક્ષની કેડી, અપાયને શાંત કરનાર અને સર્વ કલ્યાણના કારણભૂત એવા યોગનું માહાત્મ્ય વર્ણવવાની શરૂઆત કરી બીજા શ્લોકમાં યોગના અભાવે શાસ્ત્ર પણ સંસારનું કારણ બને છે-એ જણાવ્યું છે. ત્યાર બાદ યોગના અચિંત્ય સામર્થ્યથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટ થાય છે-એ જણાવીને પાતંજલયોગદર્શનને અભિમત એવી સિદ્ધિઓનું વર્ણન લગભગ એકવીસમા શ્લોક સુધીના શ્લોકોથી કર્યું છે.

પાતંજલયોગદર્શનના ત્રીજા વિભૂતિ પાદમાં વર્ણન કરાયેલા પદાર્થોનું સંક્ષેપથી પણ સ્પષ્ટ નિરૂપણ અહીં સત્તર શ્લોકોમાં કર્યું છે. સાંખ્યદર્શનની માન્યતા મુજબ દરેક સિદ્ધિઓનું કારણ સંયમ છે. ધારણા, ધ્યાન અને સમાધિસ્વરૂપ સંયમ છે. આ સંયમથી હેય, ઉપાદેય અને જ્ઞેય પદાર્થોની પ્રજ્ઞાનો પ્રસાર થાય છે જેને લઈને યોગીને અનેકાનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

અતીત અને અનાગતનું જ્ઞાન, સર્વ પક્ષી પશુ આદિ પ્રાણીઓના શબ્દોનું જ્ઞાન, પૂર્વજન્મોનું જ્ઞાન, બીજાના મનનું જ્ઞાન, અદૃશ્ય થવું, મૃત્યુના સમયનું જ્ઞાન, હાથી વગેરેના બળ જેટલા બળની પ્રાપ્તિ, ભુવનનું જ્ઞાન, તારામંડળની રચનાનું જ્ઞાન, શરીરની રચનાનું જ્ઞાન, ક્ષુધા-તૃષાનો નાશ; મનની સ્થિરતા, સિદ્ધપુરુષોનું જ્ઞાન, તારકજ્ઞાનની પ્રાપ્તિ, સ્વપરચિત્તવિજ્ઞાન, પુરુષનું જ્ઞાન, પરકાયમાં પ્રવેશ, આકાશગમન, શ્રોત્રાદિની દિવ્યતા, જલાદિ ઉપર ચાલવું, અણિમાદિ અષ્ટ મહાસિદ્ધિની પ્રાપ્તિ અને સમગ્રતત્ત્વો પર વિજય... ઈત્યાદિ સિદ્ધિઓ જે જે સંયમથી પ્રાપ્ત થાય છે; તે તે સંયમોના નિરૂપણપૂર્વક તે તે સિદ્ધિઓનું વર્ણન કર્યું છે. ત્યાર બાદ જે કારણે યોગીને યોગની સાધનામાં વિઘ્ન આવે છે; તે કારણને જણાવીને તેનાથી દૂર કેવી રીતે રહેવું તે જણાવ્યું છે. એ પ્રસંગે, યોગીને દેવતાઓ જે રીતે ભોગનું નિમંત્રણ કરે છે અને યોગી જે રીતે તેને આધીન બનતા નથી, એનું વર્ણન કર્યું છે.

આ રીતે અનુક્રમે સાધનાના પ્રકર્ષને પ્રાપ્ત કરતાં કરતાં યોગીને વિવેકજન્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; જેના સામર્થ્યથી જાતિ, લક્ષણ અને દેશથી સમાન જણાતા પદાર્થોમાં પણ યોગીને ભેદની પ્રતીતિ થાય છે. આ રીતે યોગી, વિવેકજ જ્ઞાન સ્વરૂપ તારકજ્ઞાનથી સર્વવિષયક જ્ઞાનવાન બને છે અને સઘળાય વિષયો ક્રમ વિના એકી સાથે જાણે છે, જેના પ્રભાવથી પુરુષ કૈવલ્યાવસ્થા પ્રાપ્ત કરે છે અને બુદ્ધિ સ્વકારણમાં

વિલીન બને છે... ઈત્યાદિનું સ્પષ્ટ નિરૂપણ એકવીસમા શ્લોક સુધીના સત્તર શ્લોકોથી કર્યું છે. આમાંની કેટલીક સિદ્ધિઓ પ્રારંભિક દશામાં યોગીનો ઉત્સાહ વધારે છે. પરંતુ સમાધિસ્વરૂપ આઠમા યોગાઙ્ગમાં તે વિઘ્નરૂપ બને છે-એ અંગે અહીં મુમુક્ષુઓનું ધ્યાન પણ યોગ્ય અવસરે દોર્યું છે. સાધક-બાધકની વિચારણાપૂર્વક યોગની સાધનાનો માર્ગ સ્પષ્ટ રીતે વર્ણવ્યો છે. પાતંજલયોગદર્શનની માન્યતા મુજબના એ યોગમાર્ગમાં ઉપપત્તિ અને અનુપપત્તિને બાવીસમા શ્લોકથી જણાવી છે.

અન્યદર્શનકારોએ જે સિદ્ધિઓ વર્ણવી છે, એના સામાન્યથી બે વિભાગ થાય છે. જ્ઞાનવિશેષસ્વરૂપ સિદ્ધિઓની પ્રત્યે મુખ્યપણે જ્ઞાનાવરણીયકર્મક્ષયોપશમ કારણ છે અને વીર્ય(બળ)વિશેષસ્વરૂપ સિદ્ધિઓની પ્રત્યે વીર્યાંતરાયનો ક્ષયોપશમવિશેષ કારણ છે. કર્મના ક્ષયોપશમાદિ વિના કોઈ પણ રીતે સિદ્ધિઓ પ્રાપ્ત થતી નથી. અન્યદર્શનકારોએ વાસ્તવિક રીતે એ વાત કરી નથી. જે સંયમના કારણે સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ સંયમ પણ અસદ્‌ની નિવૃત્તિ અને સદ્‌ની પ્રવૃત્તિ સ્વરૂપ છે. માત્ર ધારણા ધ્યાન કે સમાધિ સ્વરૂપ નથી. માત્ર ચિત્તના પ્રણિધાન માટે જેનું આલંબન છે, તે સંયમથી જ સિદ્ધિઓ પ્રાપ્ત થતી નથી... ઈત્યાદિ અહીં યાદ રાખવું જોઈએ.

સિદ્ધિઓના કારણભૂત કર્મક્ષયોપશમાદિ માટે નિકાચિત કર્મોનો ક્ષય કરવાનું આવશ્યક છે. છેલ્લા ભવે પણ અંતઃકોટાકોટિ સાગરોપમ પ્રમાણ કર્મની સ્થિતિ હોય છે. તેની નિર્જરા માટે પ્રાયશ્ચિત્ત હોય છે. પૂર્વભવમાં નિબદ્ધ કર્મોના પ્રાયશ્ચિત્તસ્વરૂપ પ્રવ્રજ્યા છે. એ કર્મોનો નાશ પ્રવ્રજ્યાસમયમાં પ્રાપ્ત થનારા ધર્મસંન્યાસયોગથી થાય છે-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકમાં સારભૂત વર્ણન કર્યું છે.

'તપથી નિકાચિત કોટિનાં કર્મોનો ક્ષય થાય છે.' આ પ્રમાણે જે વચન છે, ત્યાં તપ અપૂર્વકરણ ગુણસ્થાનકને આશ્રયીને લીધો છે પરંતુ યત્કિંચિત્ તપથી તેવાં કર્મોનો ક્ષય થતો નથી... ઈત્યાદિ વાતનું વર્ણન ચોવીસમા શ્લોકમાં કર્યું છે. છેલ્લા આઠ શ્લોકોથી યોગના અચિંત્ય સામર્થ્યનું વર્ણન કર્યું છે, જે નિત્ય અનુસ્મરણીય છે. યોગની સ્પૃહા પણ સંસારના તાપને દૂર કરનારી છે- એ યાદ રાખી યોગની સ્પૃહાને પ્રાપ્ત કરવાની પણ સ્પૃહાને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા....

પુણે : ન્યૂ ટિંબર માર્કેટ — આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ

મહા વદ ૩, રવિવાર : તા. ૨૭-૨-૦૫

# अथ प्रारभ्यते योगमाहात्म्यद्वात्रिंशिका ।

આ પૂર્વેની બત્રીશીમાં કલેશહાનિના ઉપાયનું વિવેચન કરીને તાદશ ઉપાય સ્વરૂપ યોગનું; બુદ્ધિમાનોની પ્રવૃત્તિના ઉપાય સ્વરૂપ માહાત્મ્ય જણાવવા માટે કહેવાય છે. આશય એ છે કે આ પૂર્વેની બત્રીશીમાં સ્વપરાભિમત કલેશહાનિના ઉપાયનું વિવેચન કર્યું. હવે આ બત્રીશીમાં કલેશહાનિના ઉપાય સ્વરૂપ યોગનું માહાત્મ્ય વર્ણવાય છે, જે મુમુક્ષુઓને યોગની પ્રવૃત્તિ માટે ઉપયોગી છે. કારણ કે મુમુક્ષુ આત્માઓ યોગના મહિમાને સમજીને યોગમાં પ્રવર્ત્તતા હોય છે. આથી આ બત્રીશીથી યોગનું માહાત્મ્ય વર્ણવાય છે-

**शास्त्रस्योपनिषद्योगो, योगो मोक्षस्य वर्त्तनी ।**
**अपायशमनो योगो, योगः कल्याणकारणम् ॥२६-१॥**

"શાસ્ત્રનું રહસ્ય યોગ છે, યોગ મોક્ષનો માર્ગ છે, અપાયને શમાવનાર યોગ છે અને યોગ કલ્યાણનું કારણ છે."-આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે મોક્ષની સાથે આત્માને જોડી આપનારને યોગ કહેવાય છે. શ્રી તીર્થંકરપરમાત્માએ પ્રરૂપેલાં સર્વ શાસ્ત્રો મોક્ષમાર્ગને જણાવતાં હોવાથી સર્વ શાસ્ત્રોનું રહસ્ય-સારભૂત યોગ છે.

મોક્ષની પ્રાપ્તિ યોગથી થાય છે. તેથી યોગને મોક્ષમાર્ગ કહેવાય છે. મોક્ષની પ્રાપ્તિમાં અવરોધ કરનારા રાગ દ્વેષ અને મોહ વગેરે અપાય છે. તેને શાંત કરનાર યોગ હોવાથી

તેને અપાયશમન કહેવાય છે. તેમ જ આત્માના ગુણોને પ્રાપ્ત કરાવનાર યોગ હોવાથી તેને કલ્યાણનું કારણ કહેવાય છે. આત્મગુણોની પ્રાપ્તિ સિવાય બીજું કોઈ કલ્યાણ નથી...એ સમજી શકાય છે. યોગ વિના એ ગુણોની પ્રાપ્તિ થતી નથી. ॥૨૬-૧॥

* * *

વ્યતિરેકથી યોગનું માહાત્મ્ય વર્ણવાય છે-

**संसारवृद्धि र्धनिनां, पुत्रदारादिना यथा ।**
**शास्त्रेणापि तथा योगं, विना हन्त विपश्चिताम् ।।२६-२।।**

"પુત્ર સ્ત્રી વગેરેથી ધનવાનોના સંસારની જેમ વૃદ્ધિ થાય છે, તેમ દુ:ખની વાત છે કે વિદ્વાનોને યોગ વિના શાસ્ત્રથી પણ સંસારની વૃદ્ધિ થાય છે."-આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે યોગ વિના શાસ્ત્રોથી પણ વિદ્વાનો સંસારનો અંત લાવી શકતા નથી. યોગ મોક્ષનું સાધન છે તેમ યોગનો અભાવ સંસારનું કારણ છે. આ રીતે વ્યતિરેકને આશ્રયીને પણ યોગનું મહત્ત્વ આ શ્લોકથી વર્ણવ્યું છે. યોગથી રહિત એવા જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ॥૨૬-૨॥

* * *

આનુષઙ્ગિક ફળના વર્ણનથી યોગનું માહાત્મ્ય વર્ણવાય છે-

**इहापि लब्धयश्चित्राः, परत्र च महोदयः ।**
**परात्मायत्तता चैव, योगकल्पतरोः फलम् ॥२६-३॥**

"યોગસ્વરૂપ કલ્પવૃક્ષનું આ ફળ છે કે, આ લોકમાં અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. પરલોકમાં અભ્યુદય પ્રાપ્ત થાય છે. તેમ જ પરમકોટિની સ્વાધીનતા પ્રાપ્ત થાય છે."-આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે યોગથી જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આ જન્મમાં અનેકાનેક આમર્ષૌષધિ વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે અને ભવાંતરમાં ઉત્તમ જન્મ, શરીર, આયુષ્ય, સંપત્તિ વગેરે અભ્યુદય પ્રાપ્ત થાય છે. તેમ જ શ્રેષ્ઠ કોટિની આત્મરમણતા પ્રાપ્ત થાય છે. બાહ્યવિષયાદિની રમણતાનો અભાવ થવાથી આત્માભિમુખતા પ્રાપ્ત થાય છે, જે યોગનું ફળ છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૬-૩॥

* * *

યોગની સિદ્ધિથી પ્રાપ્ત થનારા ફળને અન્યાભિપ્રાયથી જણાવવાની શરૂઆત કરાય છે-

**योगसिद्धैः श्रुतेष्वस्य, बहुधा दर्शितं फलम् ।**
**दर्श्यते लेशतश्चैतद्, यदन्यैरपि दर्शितम् ॥२६-४॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે; "યોગસિદ્ધ પુરુષોએ શાસ્ત્રમાં આ યોગનાં ફળો ઘણા પ્રકારે વર્ણવ્યાં છે. અમારા વડે તે

અંશતઃ જણાવાય છે, કે જે અન્યદર્શનીઓએ પણ જણાવ્યાં છે.'' આવશ્યકસૂત્રની નિર્યુક્તિ અને યોગશાસ્ત્ર વગેરે શાસ્ત્રોમાં આ યોગનું ફળ યોગસિદ્ધ પુરુષોએ અનેક પ્રકારે વર્ણવ્યું છે. એ મુજબ અંશતઃ અહીં એ વર્ણવાય છે, જે પતઞ્જલિ વગેરે અન્યદર્શનકારોએ પણ વર્ણવ્યું છે. લગભગ એકવીસમા શ્લોક સુધી એ મુજબ વર્ણવાશે. ||૨૬-૪||

* * *

✦ પાતંજલોની માન્યતા મુજબ યોગનું ફળ વર્ણવાય છે-

**अतीतानागतज्ञानं, परिणामेषु संयमात् ।**
**शब्दार्थधीविभागे च, सर्वभूतरुतस्य धीः ॥२६-५॥**

''પરિણામોને વિશે સંયમ કરવાથી અતીત અને અનાગત અર્થનું જ્ઞાન થાય છે અને શબ્દ, અર્થ તેમ જ બુદ્ધિના વિભાગને વિશે સંયમ કરવાથી બધાય પ્રાણીઓના શબ્દનું જ્ઞાન થાય છે.''-આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-કોઈ એક વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિ : જે આ ત્રણ હોય છે તેને સંયમ કહેવાય છે. કોઈ એક વિષયના દેશ(ભાગ-અંશ)ની સાથે જે ચિત્તનો સંબંધ છે, તેને ધારણા કહેવાય છે. ધારણાના વિષયમાત્રની સાથે જે એકાગ્રતા(નિરંતર ચિત્તસંબંધ) છે

તેને ધ્યાન કહેવાય છે અને સમાધિ તેને કહેવાય છે કે જેમાં માત્ર ધ્યેયાકારની પ્રતીતિ થાય છે. સામાન્યથી તત્સંબંધ, તદેકાગ્રતા અને તન્મયતા અનુક્રમે ધારણા ધ્યાન અને સમાધિ છે... એ સમજી શકાય છે.

સંયમનું સ્વરૂપ વર્ણવતાં પાતઞ્જલયોગસૂત્ર(૩-૪)માં જણાવ્યું છે કે એક વિષયમાં જે ધારણા ધ્યાન અને સમાધિ : આ ત્રણ છે તેને સંયમ કહેવાય છે. આ સંયમના અભ્યાસથી હેય, જ્ઞેય અને ઉપાદેયવિષયવાળી પ્રજ્ઞાનો વિસ્તાર થાય છે. તેથી પૂર્વ પૂર્વ અવસ્થાઓને વિશે જાણીને ઉત્તર ઉત્તર અવસ્થાઓમાં સંયમ કરવો જોઈએ- આ પ્રમાણે વર્ણવતાં યોગસૂત્રમાં (૩-૫/૬માં) જણાવ્યું છે કે સંયમના જયથી પ્રજ્ઞાનો આલોક અર્થાત્ પ્રસર-નિર્મળતા થાય છે. તેનો તે અવસ્થામાં ઉપયોગ કરવો જોઈએ.

ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થા-પરિણામ : આ ત્રણ પ્રકારના પરિણામ છે. ધર્મી વિદ્યમાન હોતે છતે પૂર્વ ધર્મનું તિરોધાન થવાથી બીજા ધર્મનો જે પ્રાદુર્ભાવ થાય છે તે ધર્મપરિણામ છે. જેમ કે ચિત્તના વ્યુત્થાનધર્મના તિરોધાનથી નિરોધધર્મનો પ્રાદુર્ભાવ થાય છે. તે નિરોધાત્મક પરિણામ ધર્મપરિણામ છે. વિદ્યમાન ધર્મોના અનાગતાદિ કાળના ત્યાગથી વર્ત્તમાનાદિકાળનો તે ધર્મોને જે લાભ થાય છે તે લક્ષણ-પરિણામ છે. ધર્મોની કાલકૃત અવસ્થા, સામાન્યથી લક્ષણ-પરિણામ છે.

વ્યુત્થાનનું જવું અને નિરોધનું આવવું, નિરોધનું જવું અને વ્યુત્થાનનું આવવું... ઈત્યાદિ લક્ષણપરિણામ છે. આવી જ રીતે વર્ત્તમાન લક્ષણની પ્રબળતા અને અતીતાદિ લક્ષણની દુર્બળતા... ઈત્યાદિ પરિણામ અવસ્થાપરિણામ છે... ઈત્યાદિ અહીં સમજી લેવું જોઈએ.

ધર્મ, લક્ષણ અને અવસ્થા સ્વરૂપ પરિણામોમાં ઉપર જણાવેલા સંયમથી વાસિત યોગીને સર્વ પદાર્થોના ગ્રહણના સામર્થ્યમાં પ્રતિબંધક બનેલા વિક્ષેપનો પરિહાર થવાથી (પ્રતિબંધકનો અભાવ થવાથી) અતીત(અતિક્રાંત-વીતેલા) અને અનાગત(અનુત્પન્ન) અર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ વાત જણાવતાં પાતઞ્જલયોગસૂત્રમાં (૩-૧૬માં) કહ્યું છે કે-ધર્માદિ ત્રણ પરિણામોને વિશે સંયમ કરવાથી અતીત અને અનાગતનું જ્ઞાન થાય છે.

શબ્દ, શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય વર્ણાદિના નિયતક્રમવાળો છે. અથવા ક્રમરહિત સ્ફોટ સ્વરૂપ (એક સાથે ઉત્પન્ન થનાર), ધ્વનિથી સંસ્કાર પામેલો બુદ્ધિથી ગ્રાહ્ય છે. તેનો અર્થ જે જાતિ ગુણ ક્રિયા વગેરે સ્વરૂપ છે, તેને અર્થ કહેવાય છે. વિષયાકાર પરિણામ પામેલી બુદ્ધિનો પરિણામ ધી છે. શબ્દ, અર્થ અને ધી(બુદ્ધિ) : આ ત્રણેય ગો... ઈત્યાદિ અભેદ સ્વરૂપે પ્રતીત થાય છે. 'ગો' શબ્દ છે, 'ગો' અર્થ છે અને 'ગો' એ પ્રમાણે જ્ઞાન છે. આ રીતે શબ્દ વગેરે અભેદરૂપે પ્રતીત થાય છે. આ કયો શબ્દ છે ? આ શું છે ? અને શું જાણ્યું ? આ ત્રણેય પ્રશ્નના

જવાબમાં 'ગો (ગાય)' આ પ્રમાણે એક જ જવાબ અપાતો હોવાથી ત્રણેય અભેદસ્વરૂપે પ્રતીત થાય છે. જો એકસ્વરૂપે એ ત્રણની પ્રતીતિ થતી ન હોય તો એ ત્રણેય પ્રશ્નોનો એક જ ઉત્તર ન હોય; કારણ કે એકસરખો જવાબ એકપ્રતિપત્તિ-નિમિત્તક હોય છે. અર્થાદ્ એકસ્વરૂપ માનવાના કારણે હોય છે. પરંતુ આ રીતે શબ્દ, અર્થ અને બુદ્ધિનો અભેદ-ગ્રહ વાસ્તવિક નથી, મિથ્યાજ્ઞાનમૂલક છે. શબ્દ, અર્થ અને જ્ઞાનના વિકલ્પથી જે જ્ઞાન થાય છે તે સઙ્કર હોય છે, શુદ્ધ હોતું નથી. તાદશ અભેદના ગ્રહણથી શબ્દાદિના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આવતો નથી. તેથી શબ્દાદિના વિભાગમાં અર્થાદ્ "જે વાચકત્વ છે (શબ્દ અર્થનો વાચક છે) એ શબ્દનું સ્વરૂપ-તત્ત્વ છે. જે વાચ્યત્વ છે, (અર્થ, શબ્દથી વાચ્ય છે) એ અર્થનું તત્ત્વ-સ્વરૂપ છે અને જે પ્રકાશત્વ(પ્રકાશ સ્વરૂપ) છે, તે ધી-બુદ્ધિનું તત્ત્વ છે."... ઈત્યાદિસ્વરૂપ શબ્દ અર્થ અને બુદ્ધિના વિભાગમાં પૂર્વોક્ત સ્વરૂપ સંયમ કરવો જોઈએ. જેથી મૃગ પશુ પક્ષી સર્પ વગેરેના શબ્દનું જ્ઞાન થાય છે કે-'આવા જ તાત્પર્યથી આ પ્રાણીએ આ શબ્દ કહ્યો છે.' શબ્દાર્થધીના ઉપર જણાવેલા વિભાગથી શબ્દાદિનું સ્પષ્ટ જ્ઞાન થાય-એ સમજી શકાય છે. આ વાત પાતંજલયોગસૂત્રમાં (૩-૧૭માં) જણાવી છે, જેનું તાત્પર્ય સ્પષ્ટ છે કે-"શબ્દ, અર્થ અને જ્ઞાન(ધી)નો પરસ્પર અભેદગ્રહ થવાથી સઙ્કર (પરસ્પર સમાવેશ) થાય છે. પરંતુ જેને એના વિભાગને જાણીને

તેમાં (વિભાગમાં) સંયમ પ્રાપ્ત થાય છે, તેને સર્વ પશુપક્ષી પ્રાણીગણના શબ્દ(ભાષા)નું જ્ઞાન થાય છે.''

॥૨૬-૫॥

* * *

ફલાંતર જણાવાય છે-

**संस्कारे पूर्वजातीनां, प्रत्यये परचेतसः ।**
**शक्तिस्तम्भे तिरोधानं, कायरूपस्य संयमात् ॥२६-६॥**

''સંસ્કારને વિશે સંયમ કરવાથી પૂર્વજન્મોનું સ્મરણ થાય છે. પ્રત્યયને(પરચિત્તને) વિશે સંયમ કરવાથી પરચિત્તનું જ્ઞાન થાય છે અને પોતાના શરીરના રૂપને વિશે સંયમ કરવાથી રૂપશક્તિનું સ્તમ્ભન થયે છતે અદૃશ્ય થવાય છે.''-આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે, સામાન્ય રીતે સંસ્કાર બે પ્રકારના છે. એક, માત્ર સ્મૃતિ ફળ છે જેનું તે અને બીજો, જાતિ આયુષ્ય અને ભોગ સ્વરૂપ. આ બંન્ને પ્રકારના સંસ્કારો અપ્રત્યક્ષરૂપે ચિત્તમાં રહે છે. 'આ પ્રમાણે મારા વડે તે અર્થ અનુભવાયો.' તેમ જ 'આ પ્રમાણે મારા વડે તે ક્રિયા કરાઈ.' આવા પ્રકારની ભાવના વડે બંન્ને ય પ્રકારના સંસ્કારોને વિશે ધ્યાન ધારણા અને સમાધિ સ્વરૂપ સંયમ કરવાથી ઉદ્‌બોધક વિના જ પૂર્વકાળમાં અનુભવેલા જન્મોનું અનુસ્મરણ થાય છે. પાતંજલયોગસૂત્ર(૩-૧૮)માં એ વાત જણાવતાં કહ્યું છે કે 'સંસ્કારોને વિશે સંયમ

કરવાથી સંસ્કારોના સાક્ષાત્કારથી પૂર્વજાતિનું પરિજ્ઞાન થાય છે.'

કોઈ એક મુખ ઉપરના હાવભાવાદિ સ્વરૂપ લિઙ્ગ (લક્ષણ-ચિહ્ન...) દ્વારા બીજાનું ચિત્ત જાણીને તે ચિત્તને વિશે સંયમ કરવાથી બીજાના ચિત્તનું જ્ઞાન થાય છે. અર્થાત્ પરચિત્તમાં સંયમ કરનાર યોગી 'આનું ચિત્ત રાગવાળું છે કે રાગરહિત છે ?-' આ પ્રમાણે બીજાના ચિત્તમાં રહેલા બધા જ ધર્મોને જાણે છે. આ વાત યોગસૂત્ર(૩-૧૯)માં જણાવી છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે-(પરચિત્તમાં સંયમ કરવાથી પરચિત્તનું જ્ઞાન થાય છે. તે ચિત્ત સાલંબન નથી. કારણ કે આ રીતે આલંબન સાથે ચિત્તનું જ્ઞાન થયેલું નથી. માત્ર ચિત્તનું જ જ્ઞાન કોઈ એક લિઙ્ગ દ્વારા કરેલું છે. આ પ્રમાણે આગળના (૩-૨૦) યોગસૂત્રમાં જણાવ્યું છે. એનો આશય એ છે કે મુખના હાવભાવાદિ લિઙ્ગથી રાગાદિયુક્ત ચિત્ત જ જાણ્યું છે, રાગાદિના વિષયભૂત નીલ કે પીતાદિવિષયક ચિત્ત જ્ઞાત નથી. જેનું આલંબન જ્ઞાત નથી એવા ચિત્તમાં સંયમ કરવાનું શક્ય નથી. તેથી સાલંબન પરચિત્ત જણાતું નથી. "સાલંબન ચિત્તના પ્રણિધાનથી સંયમ ઉત્પન્ન થાય તો તેનું પણ જ્ઞાન થાય છે જ."-આ પ્રમાણે રાજર્ષિ ભોજ કહે છે.

શરીરનો ચક્ષુથી ગ્રહણ કરાતો ગુણ રૂપ છે. 'આ શરીરમાં રૂપ છે, તેથી તે દેખાય છે'... ઈત્યાદિ રીતે ભાવનાથી ભાવિત થવાથી રૂપના વિષયમાં (શરીરના રૂપના

વિષયમાં) સંયમ કરાય છે અને તેથી રૂપમાં રહેલી ચક્ષુથી ગ્રાહ્ય બનવાની શક્તિ(યોગ્યતા)નું સ્તંભન(પ્રતિબંધ) થવાથી યોગીજન અદશ્ય થાય છે. અર્થાદ્ યોગીજનને કોઈ જોઈ શકતું નથી. કારણ કે ચક્ષુનો (બીજાની આંખનો) પ્રકાશ સ્વરૂપ સાત્ત્વિક ધર્મ, એ યોગીને ગ્રહણ કરી શકતો નથી. તેથી બીજાઓ માટે સંયમવાન યોગી અદશ્ય બને છે. જેમ આ રીતે રૂપના સંયમથી યોગીનું રૂપ અદશ્ય બને છે, તેમ શબ્દાદિના સંયમથી યોગીના શબ્દાદિ ગ્રાહ્ય બનતા નથી-એ સમજી લેવું જોઈએ. પાતંજલયોગસૂત્રમાં (૩-૨૧માં) એ પ્રમાણે જણાવ્યું છે કે-'પોતાના શરીરના રૂપનો સંયમ કરવાથી તે રૂપની ગ્રાહ્ય શક્તિનો પ્રતિબંધ થવાથી, બીજાની આંખોથી જન્ય એવા પ્રકાશની સાથે યોગીના શરીરનો સંબંધ ન રહેવાના કારણે યોગીઓનું શરીર અદશ્ય બને છે.' આ પ્રમાણે યોગીના રૂપના સંયમના નિરૂપણથી શબ્દાદિના સંયમનું પણ નિરૂપણ થઈ ગયેલું જ છે. ॥૨૬-૬॥

* * *

ફલાંતર જ જણાવાય છે-

**संयमात् कर्मभेदानामरिष्टेभ्योऽपरान्तधीः ।**
**मैत्र्यादिषु बलान्येषां, हस्त्यादीनां बलेषु च ॥२६-७॥**

"કર્મોના ભેદોમાં સંયમ કરવાથી અનિષ્ટોને આશ્રયીને મરણનું જ્ઞાન થાય છે. મૈત્રી વગેરેમાં સંયમ કરવાથી મૈત્રી

વગેરે ભાવનાનું બળ પ્રાપ્ત થાય છે અને હાથી વગેરેના બળમાં સંયમ કરવાથી હાથી વગેરેના બળની પ્રાપ્તિ થાય છે.''-આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે, કર્મ બે પ્રકારનાં છે : સોપક્રમ અને નિરુપક્રમ. એના પણ સ્વગત અનેક પ્રકાર છે.

એમાં જે કર્મો પોતાનો વિપાક દર્શાવવા કાર્યકારણભાવની મુખ્યતાએ ઉપક્રમની સાથે વર્તે છે, તેને સોપક્રમ કર્મ કહેવાય છે. ઉષ્ણપ્રદેશમાં સૂકવેલું ભીનું વસ્ત્ર (પહોળું કરેલું ભીનું કપડું) જેમ જલદીથી સુકાય છે, તેમ સોપક્રમ કર્મ તેના વિપાકના કારણના યોગે શીઘ્રપણે ફળને ઉત્પન્ન કરી ક્ષીણ થાય છે. સોપક્રમ કર્મથી વિપરીત કર્મ નિરુપક્રમ છે. એ જ ભીનું વસ્ત્ર શીતપ્રદેશમાં પહોળું કર્યા વિના સૂકવવાથી જેમ લાંબા કાળે સુકાય છે; તેમ નિરુપક્રમ કર્મ પણ લાંબા કાળે ક્ષીણ થાય છે. એ અનેક પ્રકારનાં કર્મોને વિશે સંયમ કરવાથી ઉપર જણાવ્યા મુજબ મરણ-સમયનું જ્ઞાન થાય છે.

કર્મોને વિશે સંયમ કરવાથી અર્થાદ્ આ કર્મ શીઘ્ર ફળપ્રદ છે અને આ કર્મ વિલંબથી દીર્ઘ કાળે ફળને આપનારું છે... ઈત્યાદિ પ્રકારે ઉપયોગની દૃઢતાને લીધે ઉત્પન્ન ધારણા ધ્યાન અને સમાધિ સ્વરૂપ સંયમ કરવાથી; આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક એવાં અરિષ્ટો(વિઘ્નો-અનિષ્ટ સૂચકો)ના કારણે મરણસમયનું યોગીઓને જ્ઞાન થાય છે. સામાન્ય રીતે કાનમાં આંગળી વગેરે નાખીને કાન ઢાંકી

દેવાથી કોષ્ઠ્ય વાયુનો અવાજ સાંભળવા મળે છે, તે જ્યારે ન સંભળાય તો તે અનિષ્ટસૂચક આધ્યાત્મિક અરિષ્ટ છે. એકાએક-આકસ્મિક વિકૃત(અસંભાવ્ય) પુરુષનું અશક્ય(કલ્પના બહાર) એવું દર્શન થવું, એ અનિષ્ટસૂચક આધિભૌતિક અરિષ્ટ છે અને આકાશાદિમાં સ્વર્ગાદિનું દર્શન થવું, એ અનિષ્ટસૂચક આધિદૈવિક અરિષ્ટ છે. શરીરમાં ઉત્પન્ન થનારું અરિષ્ટ આધ્યાત્મિક છે. બહાર ઉત્પન્ન થનારું આ લોક સંબંધી ભૌતિક અરિષ્ટ આધિભૌતિક છે અને સ્વર્ગાદિ પરલોક સંબંધી, અનિષ્ટસૂચક અરિષ્ટ આધિદૈવિક છે. આ ત્રણ પ્રકારનાં અરિષ્ટોથી કર્મને વિશે સંયમવાળા યોગીને શરીર અને ઈન્દ્રિયોના વિયોગનું (મરણનું) ક્યારે અને ક્યાં : એ વિષયમાં (કાળ અને દેશના વિષયમાં) નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે. સામાન્યથી સંશયાદિસ્વરૂપ એવું જ્ઞાન; અયોગીને પણ અરિષ્ટોના કારણે થાય છે. આ વસ્તુને જણાવતાં પાતંજલયોગસૂત્ર(૩-૨૨)માં કહ્યું છે કે-'સોપક્રમ અને નિરુપક્રમ કર્મ છે, તે કર્મને વિશે સંયમ કરવાથી મરણનું જ્ઞાન થાય છે. અથવા અરિષ્ટોના જ્ઞાનથી મરણનું જ્ઞાન થાય છે.

શ્લોકના પૂર્વાર્દ્ધનું નિરૂપણ કરીને ઉત્તરાર્દ્ધનું નિરૂપણ કરે છે-**मैत्र्यादिषु मैत्रीप्रमोद**...ઈત્યાદિ ગ્રંથથી. એનું તાત્પર્ય એ છે કે મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય (જે અનુક્રમે સુખી, દુ:ખી, પુણ્યશાળી અને પાપી એવા જીવોને વિશે હોય છે) ભાવનાને વિશે સંયમ કરવાથી યોગીને મૈત્ર્યાદિનું

બળ પ્રાપ્ત થાય છે. અર્થાદ્ યોગીની એ મૈત્રી વગેરે ભાવનાઓ એવી પ્રકૃષ્ટભાવવાળી બને છે કે જેથી યોગી જગતના જીવોને મિત્ર વગેરે બને છે. "**मैत्र्यादिषु बलानि** (૩-૨૩)" આ યોગસૂત્રથી એ વાત વર્ણવી છે. એ સૂત્રના ભાષ્યમાં મૈત્રી વગેરે ત્રણ ભાવનાને આશ્રયીને ફળનું વર્ણન કરાયું છે. એનું કારણ જણાવતાં કહ્યું છે કે પાપીજનો ઉપર તો ઉપેક્ષાસ્વરૂપ ચિત્તની વૃત્તિ છે, તે ત્યાગસ્વરૂપ છે, ભાવના સ્વરૂપ નથી. તેથી તાદશ ભાવનાના અભાવે તેમાં સંયમનો પણ અભાવ હોવાથી તેના ફળનું વર્ણન કર્યું નથી... ઈત્યાદિ સમજી લેવું.

આ પ્રમાણે હાથી, સિંહ વગેરેના બળમાં સંયમ કરવાથી યોગીને હાથી, સિંહ વગેરેના બળની પ્રાપ્તિ થાય છે. કારણ કે યોગી સર્વ સામર્થ્યથી યુક્ત હોવાથી નિયત બળને વિશે કરાયેલા સંયમથી નિયતબળ આવિર્ભાવ પામે છે. આ વાતથી એ પણ સમજી લેવું જોઈએ કે યોગીજનો વિષયવતી અને જ્યોતિષ્મતી પ્રવૃત્તિ કરવાથી સાત્ત્વિક પ્રકાશનો વિસ્તાર તે તે વિષયોમાં સ્થાપન કરશે તો તે તે વિષયોનું; સૂક્ષ્મ, વ્યવહિત(આવૃત અવરુદ્ધ) અને દૂરવર્તી હોવા છતાં જ્ઞાન પ્રાપ્ત કરશે. કારણ કે આવી પ્રવૃત્તિથી અંતઃકરણસહિત ઈન્દ્રિયોમાં એવું સામર્થ્ય આવે છે. સામાન્ય રીતે રૂપાદિગ્રાહક તે તે ઈન્દ્રિયોમાં ચિત્તના તેવા પ્રકારના સંન્યાસથી યોગીને અપૂર્વ એવા વિષયોની પ્રાપ્તિ થાય છે, યોગીનું મન વિશ્વસ્ત બની સ્વસ્થ રહે છે. આને

વિષયવતી પ્રવૃત્તિ કહેવાય છે અને બુદ્ધિ કે પુરુષનો સાક્ષાત્કાર કરવો તે જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે. પાતંજલો સાત્ત્વિક પ્રકાશને જ્યોતિષ્ કહે છે. ત્રીજા પાદના પચ્ચીસમા યોગસૂત્રમાં એ વર્ણવ્યું છે કે વિષયવતી કે જ્યોતિષ્મતી પ્રવૃત્તિના સાત્ત્વિક પ્રકાશ(આલોક)નો જે વિષયમાં (સૂક્ષ્મ વ્યવહિત વિપ્રકૃષ્ટ) યોગી સંન્યાસ કરશે તે સર્વ પદાર્થનું યોગીને જ્ઞાન થશે... ઈત્યાદિ અન્યત્રથી સમજી લેવું જોઈએ. ॥૨૬-૭॥

* * *

પૂર્વે જણાવ્યા મુજબ જ ફલાંતર જણાવાય છે-

**सूर्ये च भुवनज्ञानं, ताराव्यूहे गतिर्विधौ ।**
**ध्रुवे च तद्गते नाभिचक्रे व्यूहस्य वर्ष्मणः ॥२६-८॥**

"સૂર્યને વિશે સંયમ કરવાથી ભુવનનું જ્ઞાન થાય છે. ચંદ્રને વિશે સંયમ કરવાથી તારાવ્યૂહ(રચના)નું જ્ઞાન થાય છે. ધ્રુવને વિશે સંયમ કરવાથી તારાઓની ગતિનું જ્ઞાન થાય છે અને નાભિચક્રને વિશે સંયમ કરવાથી શરીર-રચનાનું જ્ઞાન થાય છે."-આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે પ્રકાશમય સૂર્યને વિશે સંયમ કરવાથી (ધારણા ધ્યાન અને સમાધિ કરવાથી), સાત ભુવન(દ્વીપ-સાગર)નું (લોકનું) જ્ઞાન થાય છે. એ પ્રમાણે યોગસૂત્ર(૩-૨૬)માં જણાવ્યું છે, જેનો આશય તો ઉપર જણાવ્યો છે. સાત લોકનું જ્ઞાન કઈ રીતે થાય

છે : તે અન્યત્ર(પાતંજલયોગદર્શનપ્રકાશ... વગેરે)થી જિજ્ઞાસુઓએ જાણી લેવું જોઈએ.

ચંદ્રને વિશે સંયમ કરવાથી જ્યોતિષસંબંધી વિશિષ્ટ તારાઓનું જ્ઞાન થાય છે. સામાન્ય રીતે સૂર્યના તેજથી ઢંકાયેલા હોવાથી તારાઓનું જ્ઞાન સૂર્યના સંયમથી થઈ શકે એમ નથી. તેથી એ તારાઓના જ્ઞાન માટે જુદો (ચંદ્રના સંયમ સ્વરૂપ) ઉપાય જણાવ્યો છે. યોગસૂત્ર(૩-૨૭)માં એ વસ્તુ જણાવાઈ છે.

જ્યોતિષચક્રમાં પ્રધાન એવા ધ્રુવના તારામાં સંયમ કરવાથી તારાઓની ગતિનું જ્ઞાન થાય છે. અર્થાદ્ આ તારા, આટલા સમય પછી આ રાશિમાં અથવા આ ક્ષેત્રમાં જશે. આવા પ્રકારનું તારાઓની ગતિનું જ્ઞાન થાય છે. આ પ્રમાણે યોગસૂત્ર(૩-૨૮)માં વર્ણવ્યું છે. આવી જ રીતે સમગ્ર અઙ્ગની રચનાના મૂળભૂત અને શરીરના મધ્યભાગમાં રહેનાર એવા નાભિચક્રને વિશે સંયમ કરવાથી કાયાની રચનાનું અર્થાદ્ રસ મળ અસ્થિ અને નાડી વગેરેનાં સ્થાનોનું જ્ઞાન થાય છે. એ પ્રમાણે યોગસૂત્ર(૩-૨૯)માં જણાવ્યું છે. વિસ્તારના અર્થીએ આ બધું યોગસૂત્રથી જાણી લેવું. ||૨૬-૮||

* * *

ફલાંતર જ જણાવાય છે-

क्षुत्तृड्व्ययः कण्ठकूपे, कूर्मनाड्यामचापलम् ।
मूर्धज्योतिषि सिद्धानां, दर्शनञ्च प्रकीर्त्तितम् ॥२६-१॥

કંઠકૂપમાં સંયમ કરવાથી ક્ષુધા અને તૃષાનો નાશ થાય છે. કૂર્મનાડીમાં સંયમ કરવાથી ચપળતા નાશ પામે છે અને મૂર્ધજ્યોતિષમાં સંયમ કરવાથી સિદ્ધ પુરુષોનું દર્શન થાય છે-એમ કહેવાય છે.'' આ પ્રમાણે નવમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે કંઠ(ગળું)માં જે ખાડા જેવી જગ્યા છે, તેને કંઠકૂપ કહેવાય છે. જીભની નીચેના ભાગમાં જિહ્વામૂલ છે, તેને તન્તુ કહેવાય છે. તેની નીચેના ભાગમાં કંઠ છે. તેની પાસે નીચેના ભાગમાં ખાડા જેવો દેશ છે, જેને કંઠકૂપ કહેવાય છે. તેમાં પ્રાણાદિકનો સ્પર્શ થવાથી ભૂખ-તરસની પીડાનો અનુભવ થાય છે. કંઠકૂપમાં સંયમ કરવાથી પ્રાણાદિ સ્પર્શની નિવૃત્તિ થવાના કારણે યોગીજનને ક્ષુધા-તૃષાની પીડા થતી નથી. કારણ કે ગળામાં રહેલી ઘંટિકાના પ્રવાહથી પ્લાવિત(ભાવિત) થવાથી યોગીને તૃપ્તિ થાય છે. પાતંજલયોગસૂત્રમાં (૩-૩૦માં) એ પ્રમાણે જણાવ્યું છે, જેનો અર્થ ઉપર જણાવ્યો છે.

કંઠકૂપની નીચે રહેલી કૂર્મનાડીમાં સંયમ કરવાથી ચપળતાનો અભાવ થાય છે. કારણ કે મનની સ્થિરતા સિદ્ધ થાય છે. મન અસ્થિર હોય તો જ ચંચળતા આવે છે. યોગસૂત્ર(૩-૩૧)માં આ વાત સ્પષ્ટ રીતે જણાવી છે. ઘરમાં રહેલા મણિની પ્રભા જેમ પાણીયારા વગેરે સ્થાને

ફેલાય છે. તેમ જ હૃદયમાં રહેલો જ સાત્ત્વિક પ્રકાશ પસરતો બ્રહ્મરન્ધ્રમાં જ્યારે ભેગો થાય છે, ત્યારે તેને મૂર્ધ જ્યોતિ કહેવાય છે. તે મૂર્ધજ્યોતિને વિશે સંયમ કરવાથી સિદ્ધપુરુષોનું દર્શન થાય છે. સ્વર્ગ અને પૃથ્વી : એ બેની વચ્ચેના આકાશમાં રહેનારા પુરુષોને સિદ્ધપુરુષો કહેવાય છે, જેને દિવ્ય પુરુષો પણ કહેવાય છે. આવા પુરુષોને મૂર્ધ-જ્યોતિના સંયમવાળા યોગી પુરુષો જુએ છે. તેમની સાથે વાતચીત કરે છે-આ પ્રમાણે યોગસૂત્ર(૩-૩૨)માં વર્ણવ્યું છે, જેનું તાત્પર્ય ઉપર જણાવ્યું છે. ॥૨૬-૯॥

* * *

હવે સર્વજ્ઞપણાની પ્રાપ્તિનો ઉપાય જણાવાય છે-

**प्रातिभात् सर्वतः संविच्चेतसो हृदये तथा ।**
**स्वार्थे संयमतः पुंसि, भिन्ने भोगात्परार्थकात् ॥२६-१०॥**

પ્રાતિભજ્ઞાનનો સંયમ કરવાથી સર્વતઃ જ્ઞાન થાય છે. હૃદયને વિશે સંયમ કરવાથી ચિત્તનું જ્ઞાન થાય છે અને પરાર્થક ભોગથી ભિન્ન એવા સ્વાર્થમાં સંયમ કરવાથી પુરુષનો સાક્ષાત્કાર થાય છે.''-આ પ્રમાણે દશમા શ્લોકનો સામાન્યાર્થ છે. એના પરમાર્થને વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે-નિમિત્તની અપેક્ષાથી રહિત અને માત્ર મનથી ઉત્પન્ન થનારું તત્કાલ ઉત્પન્ન થયેલું અવિસંવાદી એવું જે જ્ઞાન છે, તેને પ્રતિભા કહેવાય છે (મૂળમાં પ્રાતિભ પદ છે, તેનો અને પ્રતિભા પદનો અર્થ એક જ છે) આ પ્રાતિભ-

(પ્રતિભા) જ્ઞાનમાં સંયમ કરવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને તારક જ્ઞાન કહેવાય છે, જે વિવેકખ્યાતિની પૂર્વે થતું હોય છે. જેમ સૂર્ય ઉદય પામવામાં હોય ત્યારે પૂર્વમાં પ્રભાનો ઉદય થાય છે, તેમ વિવેકખ્યાતિના ઉદય પૂર્વે આ તારક જ્ઞાનનો ઉદય થાય છે અને તેથી સર્વ રીતે જ્ઞાન થાય છે. અર્થાદ્ બીજા કોઈમાં સંયમની અપેક્ષા રાખ્યા વિના માત્ર પ્રાતિભ જ્ઞાનના સંયમથી યોગી બધું જ જાણે છે. યોગસૂત્ર(૩-૩૩)માં એ વાત જણાવી છે. તેથી તેના આધારે અહીં ઉપર મુજબ જણાવ્યું છે.

જેનું મુખ નીચે છે એવા નાના કમળના આકારવાળું શરીરના વિશેષ ભાગમાં રહેલું જે હૃદય છે, તેને વિશે સંયમ કરવાથી સ્વ-પરના ચિત્તમાં રહેલા સંસ્કારો અને રાગ વગેરેનું યોગીને જ્ઞાન થાય છે-એમ યોગસૂત્રમાં (૩-૩૪માં) જણાવ્યું છે.

**स्वार्थे संयमतः**... ઈત્યાદિ શ્લોકના ઉત્તરાર્દ્ધનો આશય એ છે કે રજોગુણ અને તમોગુણનો તિરોભાવ કરી સત્ત્વગુણના પ્રાધાન્યવાળા બુદ્ધિતત્ત્વને બુદ્ધિસત્ત્વ કહેવાય છે. પુરુષતત્ત્વ શુદ્ધ હોવાથી તે બુદ્ધિતત્ત્વથી સર્વથા ભિન્ન છે. પરંતુ એ બંન્નેમાં જ્યારે ભેદનો ગ્રહ હોતો નથી, ત્યારે બુદ્ધિસત્ત્વના સુખ-દુઃખાદિના કર્ત્તૃત્વ... વગેરે ધર્મોનો આરોપ પુરુષમાં થાય છે. તત્સ્વરૂપ પુરુષનિષ્ઠ ભોગ છે. આ ભોગનો બુદ્ધિને કોઈ જ ઉપયોગ નથી. તેથી તે સ્વાર્થ નથી. પુરુષ માટે હોવાથી પરાર્થ છે. આથી સમજી શકાશે

કે બુદ્ધિસત્ત્વની; પોતાના અર્થની (પ્રયોજનની) અપેક્ષા ન હોવાથી; સત્ત્વ અને પુરુષના અભેદાધ્યવસાય સ્વરૂપ પોતાથી તદ્દન ભિન્ન એવા પુરુષના પ્રયોજનવાળા ભોગની પ્રવૃત્તિ છે. આવા ભોગમાં સત્ત્વને જ સુખદુઃખાદિકર્ત્તૃત્વનું અભિમાન છે. પરાર્થક આવા ભોગથી ભિન્ન એવો સ્વાર્થ છે. એવા સ્વાર્થનું આલંબન લઈને સંયમ કરવાથી પુરુષને વિશે જ્ઞાન થાય છે. કર્ત્તૃત્વના અહંકારનો ત્યાગ કરી માત્ર પોતાના સ્વરૂપને જ વિષય બનાવનાર બુદ્ધિસત્ત્વની ચિચ્છાયાનો સઙ્ક્રમ અર્થાત્ બુદ્ધિમાં પુરુષપ્રતિબિંબનો સઙ્ક્રમ થાય છે. આને અહીં સ્વાર્થ કહેવાય છે. આવા સ્વાર્થમાં સંયમ કરવાથી પુરુષને એવું જ્ઞાન થાય છે કે- 'પોતાના આલંબનવાળું જ્ઞાન બુદ્ધિમાં છે.' પરંતુ આવું જાણનાર પુરુષનું જ્ઞાન થતું નથી. કારણ કે પુરુષ જ્ઞાતા છે, એનું જ્ઞાન ન થાય. એનું જ્ઞાન થાય તો તે જ્ઞેય બને, જ્ઞાતા ન બને. જ્ઞેય અને જ્ઞાતાને અત્યંત વિરોધ છે. તેથી જ પાતંજલયોગસૂત્રમાં(૩-૩૫માં) કહ્યું છે કે-'અત્યંત અસઙ્કીર્ણ(ભિન્ન) એવા બુદ્ધિ અને પુરુષના અભેદની જે પ્રતીતિ તે ભોગ છે. કારણ કે તે પરાર્થ છે. પરાર્થથી ભિન્ન એવા સ્વાર્થને વિશે સંયમ કરવાથી ચેતનમાત્ર પુરુષનું જ્ઞાન થાય છે.'... ઈત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું.

॥૨૬-૧૦॥

* * *

સ્વાર્થસંયમથી પુરુષનું જ્ઞાન થાય તે પૂર્વે જે જ્ઞાન પ્રામ થાય છે, તેનું વર્ણન કરાય છે-

**समाधिविघ्ना व्युत्थाने, सिद्धयः प्रातिभं ततः ।**
**श्रावणं वेदनादर्शास्वादवार्त्ताश्च वित्तयः ॥२६-११॥**

"સ્વાર્થસંયમથી પ્રાતિભજ્ઞાન, શ્રાવણ, વેદના, આદર્શ, આસ્વાદ અને વાર્ત્તા સ્વરૂપ જ્ઞાનો થાય છે, જે વ્યુત્થાન દશામાં સિદ્ધિઓ સ્વરૂપ છે અને સમાધિમાં વિઘ્નો સ્વરૂપ છે."-આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સ્વાર્થસંયમ જેનું નામ છે, એવા પુરુષ-સંયમના અભ્યાસથી પૂર્વે વર્ણવેલા પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એના અચિંત્ય સામર્થ્યથી યોગી સૂક્ષ્મ અર્થ સ્વરૂપ અર્થને જુએ છે.

શ્રવણેન્દ્રિયથી ઉત્પન્ન થતા જ્ઞાનને શ્રાવણ જ્ઞાન કહેવાય છે, જેના પ્રકર્ષથી યોગી દિવ્ય એવા શબ્દને જાણે છે. સ્પર્શનેન્દ્રિયના કારણે ઉત્પન્ન થનારું જે જ્ઞાન છે, તેને વેદના કહેવાય છે. જેના વડે વેદાય છે, તેને વેદના કહેવાય છે. આ પ્રમાણે યોગસૂત્રની પરિભાષાથી સ્પાર્શનાદિ જ્ઞાનને વેદનાદિ તરીકે અહીં વર્ણવ્યાં છે. આ વેદનાના પ્રકર્ષથી દિવ્ય એવા સ્પર્શનો અનુભવ થાય છે. અહીં હોવા છતાં યોગીને દિવ્ય અપ્સરાદિના સ્પર્શનું જ્ઞાન થાય છે.

બધી રીતે રૂપનો અનુભવ જેના વડે થાય છે તેને આદર્શ કહેવાય છે, જે ચક્ષુઈન્દ્રિયથી જન્ય એવા જ્ઞાન

સ્વરૂપ છે. એના પ્રકર્ષથી દિવ્ય(અપ્સરાદિ સંબંધી) રૂપનું યોગીને જ્ઞાન થાય છે. આવી જ રીતે જેના વડે આસ્વાદ લેવાય છે તેને આસ્વાદ કહેવાય છે, જે રસનેન્દ્રિયથી ઉત્પન્ન થનાર જ્ઞાન સ્વરૂપ છે. એના પ્રકર્ષથી દિવ્ય રસનું જ્ઞાન થાય છે.

વાર્ત્તાનો અર્થ ગંધનું જ્ઞાન છે. પાતઞ્જલયોગની પરિભાષામાં વૃત્તિ શબ્દનો અર્થ ઘ્રાણેન્દ્રિય થાય છે. ગંધ-વિષયમાં જે પ્રવર્ત્તે છે તેને વૃત્તિ કહેવાય છે. આ વ્યુત્પત્તિને આશ્રયીને વૃત્તિ શબ્દનો અર્થ ઘ્રાણેન્દ્રિય કર્યો છે અને તેથી **वृत्तौ-घ्राणेन्द्रिये भवा** આ અર્થમાં **वृत्ति** શબ્દથી નિષ્પન્ન **वार्त्ता** શબ્દનો અર્થ ઘ્રાણેન્દ્રિયથી જન્ય એવું જ્ઞાન થાય છે. એના પ્રકર્ષથી યોગીને દિવ્ય એવા ગંધનું જ્ઞાન થાય છે. શ્રાવણ વેદના આદર્શ આસ્વાદ અને વાર્ત્તા : આ બધા જ્ઞાનસ્વરૂપ છે, જે પુરુષના સંયમથી પ્રાતિભજ્ઞાન થવાથી પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર(૩-૩૬)માં જણાવ્યું છે. જેનો અર્થ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે કે-પુરુષને વિશે (સ્વાર્થને વિશે) સંયમ કરવાથી પ્રાતિભ, શ્રાવણ, વેદના, આદર્શ, આસ્વાદ અને વાર્ત્તા સ્વરૂપ દિવ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. દેવતાઓ માટે યોગ્ય એવા વિષયોને દિવ્ય કહેવાય છે.

આ દિવ્ય વિષયોનાં જ્ઞાન, સમાધિના પ્રકર્ષને પામવા માટેની સાધનામાં વિઘ્નરૂપ છે. કારણ કે એ જ્ઞાન મળવાથી યોગીને હર્ષ અને વિસ્મયાદિ કરવાથી એક જાતિનો સંતોષ

થાય છે અને તેથી સંયમની સાધનામાં શિથિલતા પ્રાપ્ત થાય છે, જેથી યોગીને સમાધિના પ્રકર્ષની પ્રાપ્તિ થતી નથી. પરંતુ વ્યુત્થાનમાં અર્થાદ્ વ્યવહારદશામાં સમાધિને વિશે ઉત્સાહજનક હોવાથી અને વિશિષ્ટ ફળને આપનાર હોવાથી એ સંવિત્ સિદ્ધિઓ છે. આ પ્રમાણે પાતંજલ યોગસૂત્રમાં (૩-૩૭માં) જણાવ્યું છે કે 'પ્રાતિભ શ્રાવણ વગેરે સમાધિ માટે ઉપસર્ગ છે અને વ્યુત્થાનને વિશે સિદ્ધિઓ છે'... ઈત્યાદિ સમજી લેવું જોઈએ.॥૨૬-૧૧॥

* * *

જ્ઞાનને આશ્રયીને સિદ્ધિઓનું વર્ણન કર્યું. હવે ક્રિયાને આશ્રયીને સિદ્ધિઓનું વર્ણન કરાય છે. અર્થાત્ ક્રિયા સ્વરૂપ સિદ્ધિઓનું વર્ણન કરાય છે-

**बंधकारणशैथिल्यात्, प्रचारस्य च वेदनात् ।**
**चित्तस्य स्यात् परपुरप्रवेशो योगसेविनः ॥२६-१२॥**

''બંધકારણોની શિથિલતાના કારણે અને પ્રચારના વેદનના કારણે યોગની આરાધના કરનાર ચિત્તનો પરપુર-(કાયા)પ્રવેશ થાય છે.''-આ પ્રમાણે બારમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં વર્ણવ્યું છે કે-આત્મા અને ચિત્ત વ્યાપક હોવાથી નિયત એક શરીરમાં તેનું અસ્તિત્વ સંભવતું નથી. પરંતુ વ્યાપક એવો આત્મા અને ચંચળ એવું ચિત્ત : બંન્ને, નિયત એવા કર્મને લીધે જ એક શરીરમાં ભોક્તા અને ભોગ્યભાવે (ભોગ્ય-ભોક્તૃત્વ)

સંવેદનના વિષય બને છે તેને શરીરબંધ કહેવાય છે. ચોક્કસ કર્મના યોગે એક શરીરમાં ચિત્ત ભોગ્યસ્વરૂપે અને આત્મા ભોક્તાસ્વરૂપે અંતર્ગત છે.

તેથી શરીરબંધનું જે કારણ ધર્માધર્મ (પુણ્ય-પાપ) નામનું કર્મ છે, તેની શિથિલતા(મંદતાદિ) થવાથી અને ચિત્તના પ્રચારના વેદનથી યોગારાધક ચિત્તનો પરકાયપ્રવેશ થાય છે. ચિત્ત, હૃદયના સ્થાનમાંથી ઈન્દ્રિયો દ્વારા વિષયોની અભિમુખતાના કારણે અન્યત્ર ફેલાય છે-તેને ચિત્તનો પ્રસાર-પ્રચાર કહેવાય છે. યોગના જે આરાધક છે, તેમને તે ચિત્તપ્રચારનું એવું વેદન-જ્ઞાન થાય છે કે 'આ ચિત્ત-વાહિની નાડી છે. આના દ્વારા ચિત્ત ગમનાગમન કરે છે. આ ચિત્તવાહિની નાડી; રસવાહિની અને પ્રાણવાહિની નાડીઓથી વિલક્ષણ છે.' આ પ્રમાણે ચિત્તના સ્વપર-શરીરના સઞ્ચારનું જ્ઞાન થવાથી યોગના આરાધકનું ચિત્ત; મૃત અથવા જીવિત પરકીય શરીરમાં (પરપુરમાં) પ્રવેશે છે. તેમાં ચિત્તના સ્વપરશરીરમાં સઞ્ચારનું જ્ઞાન આવશ્યક છે. યોગીઓનું ચિત્ત જ્યારે ઉપર જણાવ્યા મુજબ પર શરીરમાં પ્રવેશે છે ત્યારે યોગીઓની ચક્ષુ વગેરે ઈન્દ્રિયો પણ; મધમાખીઓના રાજા જેવો ભ્રમર જ્યારે પુષ્પ ઉપરથી ઊડીને બીજા પુષ્પ ઉપર જાય છે, ત્યારે મધમાખીઓ પણ જેમ તેની પાછળ ઊડી જાય છે તેમ પરશરીરમાં પ્રવેશે છે. તેથી પરશરીરમાં પ્રવેશેલા યોગી ઈશ્વરની જેમ પારકાના શરીરથી વ્યવહાર કરે છે. કારણ કે વ્યાપક એવા ચિત્ત

અને પુરુષના અત્યાર સુધીના ભોગના સઙ્કોચનું કારણ તો કર્મ હતું. એ કર્મ જ જો સમાધિના કારણે દૂર કર્યું હોય તો સ્વતંત્રપણે બધે જ ભોગની પ્રાપ્તિ થાય એ સહજ છે. આ પ્રમાણે પાતંજલયોગસૂત્ર(૩-૩૮)માં જણાવ્યું છે, જેનું તાત્પર્ય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. ॥૨૬-૧૨॥

* * *

સિદ્ધ્યંતરનું જ નિરૂપણ કરાય છે-

**समानस्य जयाद् धामोदानस्याबाद्यसङ्गता ।**
**दिव्यं श्रोत्रं पुनः श्रोत्रव्योम्नोः सम्बन्धसंयमात् ॥२६-१३॥**

"સમાનવાયુને જીતવાથી તેજ પ્રગટે છે. ઉદાન વાયુના જયથી પાણી વગેરેનો સંગ પ્રતિરોધક બનતો નથી. તેમ જ શ્રવણેન્દ્રિય અને આકાશના સંબંધને વિશે સંયમ કરવાથી શ્રવણેન્દ્રિય દિવ્ય બને છે."-આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જઠરાગ્નિની બધી બાજુએ સમાન નામનો વાયુ રહેલો છે. એ વાયુથી આચ્છાદિત અગ્નિ જોઈએ તેવો પ્રકાશતો નથી. પરંતુ સમાન વાયુના જયથી અર્થાત્ તેને વિશે સંયમ કરવા વડે તેને સ્વાધીન કરવાથી આવરણરહિત અગ્નિનો સ્વભાવ ઉપર જવાનો હોવાના કારણે તેનું તેજ, સૂર્યના પ્રતાપની જેમ ભાસતું પ્રગટ થાય છે, જેને લઈને યોગી અગ્નિ જેવા તેજસ્વી પ્રતિભાસે છે. આ પ્રમાણે પાતંજલયોગસૂત્ર-(૩-૪૦)માં જણાવ્યું છે.

ગળાની ઘંટીથી માંડીને મસ્તક સુધીના ભાગમાં રહેનાર ઉદાનવાયુના જયથી (તેને વિશે સંયમ કરવાથી) બીજા બધા વાયુનો નિરોધ થવાના કારણે ઊર્ધ્વગતિની સિદ્ધિ થાય છે અને તેથી જળ વગેરેથી પ્રતિરોધ થતો નથી. ઉદાનવાયુને જીતનારા યોગી મહાનદીઓના પાણીમાં, ચિકાર કાદવમાં અને તીક્ષ્ણ એવા કાંટાઓમાં વિના અવરોધે ચાલે છે. કારણ કે તેઓ લઘુ હોવાથી કપાસની જેમ પાણીમાં રહેવા છતાં પાણી ઉપર ચાલે છે-આ વાતને જણાવતાં યોગસૂત્ર(૩-૩૯)માં કહ્યું છે કે 'ઉદાનવાયુના જયથી યોગી જલ, કાદવ કે કાંટા વગેરેમાં લેપાયા વિના (અલિપ્તપણે) ઉપર ચાલે છે. ઉદાનવાયુના જયનું ફળ જ એ છે કે પ્રયાણકાળમાં ઊર્ધ્વગમન કરવાનો લાભ પ્રાપ્ત થાય છે.

સાંખ્યોની માન્યતા મુજબ અહંકારતત્ત્વથી નિર્માણ પામેલ શ્રોત્રેન્દ્રિય છે, જે શબ્દનું ગ્રહણ કરે છે અને આકાશ શબ્દતન્માત્રથી ઉત્પન્ન થયેલું છે. શ્રોત્ર અને આકાશમાં દેશદેશિભાવ(આધાર-આધેયભાવ)સંબંધ છે. એ સંબંધને વિશે સંયમ કરવાથી યોગીને દિવ્ય શ્રોત્રની પ્રાપ્તિ થાય છે, જેથી એકી સાથે યોગીને સૂક્ષ્મ, વ્યવહિત (અવરુદ્ધ) અને વિપ્રકૃષ્ટ(દૂરવર્ત્તી) શબ્દોનું પણ જ્ઞાન થાય છે. એવા શબ્દોને પણ ગ્રહણ કરવા માટે યોગીની શ્રોત્રેન્દ્રિય સમર્થ બને છે-આ પ્રમાણે યોગસૂત્ર(૩-૪૧)માં જણાવ્યું છે, જેનો અર્થ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ

છે. ॥૨૬-૧૩॥

* * *

સિદ્ધ્યંતરનું જ વર્ણન કરાય છે-

लघुतुलसमापत्त्या, कायव्योम्नोस्ततोऽम्बरे ।
गति र्महाविदेहातः, प्रकाशावरणक्षयः ॥२६-१४॥

''શરીર અને આકાશના સંબંધને વિશે સંયમ કરવાથી લઘુભૂત રૂની સમાપત્તિના કારણે યોગી આકાશગમનને પ્રાપ્ત કરે છે અને મહાવિદેહાવૃત્તિને વિશે સંયમ કરવાથી પ્રકાશાવરણના ક્ષયની પ્રાપ્તિ થાય છે.''-આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૃથ્વી પાણી વગેરે પાંચ ભૂતમય શરીર છે અને પૂર્વે વર્ણવેલા (શ્લો.નં. ૧૩) સ્વરૂપવાળું આકાશ છે. શરીરને અવકાશ આપવા સ્વરૂપ સંબંધ (વ્યાપ્યવ્યાપકભાવ), શરીર અને આકાશનો છે. તેને વિશે ધારણા ધ્યાન અને સમાધિરૂપ સંયમ કરવાથી લઘુ(હલકા)ભૂત કપાસને વિશે તન્મય થવાના કારણે આંતરિક લઘુતા પ્રાપ્ત થાય છે, જેથી આકાશમાં ગમન કરવા યોગી સમર્થ બને છે. આ યોગી પોતાની ઈચ્છા મુજબ પહેલાં જળમાં ચાલે છે. પછી ક્રમે કરી એના અભ્યાસથી કરોળિયાના જાળાથી ચાલતાં ચાલતાં સૂર્યનાં કિરણોનું આલંબન લઈને આકાશમાં ઈચ્છા મુજબ જાય છે-આ વાત પાતંજલયોગસૂત્રમાં (૩-૪૨માં) સ્પષ્ટ છે.

શરીરસંબંધી કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના શરીરની

બહાર જે મનની વૃત્તિઓ છે : તેને મહાવિદેહા કહેવાય છે. કારણ કે ત્યારે શરીર પ્રત્યેના અહંભાવનો વિગમ થયો હોય છે. આથી જ એ મનોવૃત્તિ મહદ્ હોવાથી અકલ્પિત કહેવાય છે. શરીર પ્રત્યે અહંકાર હોય તો મનની બાહ્ય વૃત્તિ કલ્પિત કહેવાય છે. તેથી મહાવિદેહાવૃત્તિને વિશે સંયમ કરવાથી શુદ્ધસત્ત્વસ્વરૂપ પ્રકાશના આવરણભૂત ક્લેશ કર્મ વગેરેનો ક્ષય થાય છે. અર્થાત્ કર્મ ક્લેશાદિ સ્વરૂપ, સકળ ચિત્તના મલો ક્ષય પામે છે. એ પ્રમાણે યોગસૂત્ર-(૩-૪૩)માં જણાવ્યું છે કે, 'શરીરની બહાર અકલ્પિત એવી ચિત્તવૃત્તિને મહાવિદેહા કહેવાય છે. તે મહાવિદેહા-વૃત્તિને વિશે સંયમ કરવાથી, પ્રકાશસ્વરૂપ (સાત્ત્વિક પરિણામ સ્વરૂપ) બુદ્ધિના(ચિત્તના) આવરણભૂત ક્લેશો વગેરેનો ક્ષય થાય છે...' ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૨૬-૧૪॥

* * *

ભૂતજયના સંયમથી પ્રાપ્ત થનારી સિદ્ધિઓનું વર્ણન કરવા સાથે ભૂતજયના સંયમનો ઉપાય પણ જણાવાય છે-

स्थूलादिसंयमाद् भूतजयोऽस्मादणिमादिकम् ।
कायसम्पच्च तद्धर्मानभिघातश्च जायते ॥२६-१५॥

''સ્થૂલ વગેરે ભૂતોને વિશે સંયમ કરવાથી ભૂતજય પ્રાપ્ત થાય છે, તેથી અણિમાદિની સિદ્ધિ અને કાયાની

સંપત્તિ પ્રાપ્ત થાય છે. તેમ જ કાયાના ધર્મોનો નાશ થતો નથી.''-આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો પરમાર્થ જણાવતાં ટીકાકારશ્રીએ ફરમાવ્યું છે કે સામાન્ય રીતે પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ : આ પાંચ ભૂતો છે. તેની સ્થૂલ, સ્વરૂપ, સૂક્ષ્મ, અન્વય અને અર્થવત્ત્વ : આ અવસ્થાઓ વિશેષ છે, જે અહીં 'સ્થૂલાદિ' પદથી જણાવી છે.

તેમાં પૃથ્વી વગેરેનું પરિદશ્યમાન વિશિષ્ટ આકારવાળું સ્વરૂપ જે છે તેને સ્થૂલ-અવસ્થા કહેવાય છે. પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશનું અનુક્રમે કાર્કશ્ય (કઠોરતા), સ્નેહ, ઉષ્ણતા, પ્રેરણા અને અવકાશ આપવા સ્વરૂપ જે લક્ષણ છે; તેને ભૂતોની સ્વરૂપાવસ્થા કહેવાય છે. ભૂતોના કારણ તરીકે અનુક્રમે વ્યવસ્થિત એવા ગંધ રસ રૂપ સ્પર્શ અને શબ્દ : એ પંચતન્માત્રા ભૂતોની સૂક્ષ્માવસ્થા છે. ભૂતોમાં ઉપલબ્ધ જે પ્રકાશ પ્રવૃત્તિ સ્થિતિરૂપે રહેલા ગુણો છે તે તેની અન્વયાવસ્થા છે અને તે જ ગુણોમાં જે ભોગાપવર્ગ (ભોગ-મોક્ષ) પ્રાપ્ત કરાવવાની શક્તિ છે તે ભૂતોની અર્થવત્ત્વાવસ્થા છે.

એ પૃથ્વી વગેરે ભૂતોની દરેક અવસ્થામાં સંયમ કરવાથી ભૂતજય થાય છે. આ રીતે ભૂતોની દરેક અવસ્થાને આશ્રયીને સંયમ(ધારણા ધ્યાન સમાધિ) જેણે કર્યો છે તે યોગીને; ગાયને જેમ વાછરડાં અનુસરે છે તેમ પોતાના સંકલ્પ મુજબ ભૂતપ્રકૃતિઓ અનુસરે છે, અર્થાદ્ અનુકૂળ

બને છે. આ વાત યોગસૂત્ર(૩-૪૪)માં સ્પષ્ટ રીતે વર્ણવી છે.

આ ભૂતજયથી યોગીને અણિમાદિ અષ્ટમહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે. એમાં જે લબ્ધિ(સિદ્ધિ)ના કારણે યોગીનું શરીર પરમાણુસ્વરૂપ થાય છે, તેને અણિમા કહેવાય છે. જે લબ્ધિના કારણે યોગીનું શરીર વજ્ર જેવું ગુરુ(ભારે) થાય છે, તેને ગરિમા કહેવાય છે. જે સિદ્ધિના કારણે યોગીનું શરીર રૂની જેમ હળવું(હલકું) થાય છે, તેને લઘિમા કહેવાય છે. મહિમા લબ્ધિના કારણે યોગીનું શરીર મોટું થાય છે જેથી યોગીને, પોતાની આંગળીના અગ્રભાગથી ચંદ્રમાદિને સ્પર્શ કરવાની યોગ્યતા પ્રાપ્ત થતી હોય છે. પ્રાકામ્યસિદ્ધિના કારણે યોગીની ઈચ્છાનો અભિઘાત-વિઘાત થતો નથી. જેનાથી શરીર અને અંતઃકરણ સર્વત્ર સમર્થ બને છે, તેને ઈશિત્વસિદ્ધિ કહેવાય છે. વશિત્વ લબ્ધિના કારણે બધાં જ ભૂતો યોગીના વચનનું ઉલ્લંઘન કરતા નથી અને યત્રકામાવસાયિત્વસિદ્ધિ એને કહેવાય છે કે જેથી પોતાની અભિલાષાને યોગી પૂર્ણ કરી શકે છે.

પાતંજલયોગસૂત્ર(૩-૪૬)માં જણાવ્યા પ્રમાણે સુંદર રૂપ લાવણ્ય બળ અને વજ્ર જેવું દઢ અવયવ-યુક્તત્વ (અવયવો) : આ કાયસમ્પત્ છે. કાયાના ધર્મો રૂપ રસ વગેરે છે. તેનો અભિઘાત, તેના નાશ સ્વરૂપ છે અને તેનો અભાવ, તેના અનભિઘાતસ્વરૂપ છે, જે ઉપર જણાવ્યા મુજબ સ્થૂલાદિ ભૂતોને વિશે કરેલા સંયમથી પ્રાપ્ત થયેલા

ભૂતજયથી પ્રાપ્ત થાય છે. યોગીની કાયાના ધર્મોનો-(રૂપાદિનો) અગ્નિ વગેરેથી નાશ થતો નથી. યોગીના શરીરને અગ્નિ બાળતો નથી. પાણી ભીંજવતું નથી. તેમ જ વાયુ સૂકવી શકતો નથી... ઈત્યાદિ રીતે બીજા પણ (રસાદિ) શરીરધર્મોને આશ્રયીને કાયાના ધર્મોનો અનભિઘાત સમજી લેવો. પાતંજલયોગસૂત્ર(૩-૪૫)માં એ પ્રમાણે જણાવ્યું છે. ॥૨૬-૧૫॥

* * *

આ રીતે ગ્રાહ્ય(વિષયભૂત)ના જયને આશ્રયીને સિદ્ધિનું વર્ણન કરીને હવે ગ્રહણાદિના જયને આશ્રયીને સિદ્ધિનું વર્ણન કરાય છે-

**संयमाद् ग्रहणादीनामिन्द्रियाणां जयस्ततः ।**
**मनोजवो विकरणभावश्च प्रकृते र्जयः ॥२६-१६॥**

"ગ્રહણાદિના સંયમથી ઈન્દ્રિયોનો જય થાય છે અને ઈન્દ્રિયોના જયથી મનની જેમ વેગ પ્રાપ્ત થાય છે અને વિકરણભાવ તથા પ્રકૃતિ ઉપર જય પ્રાપ્ત થાય છે."-આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં જણાવ્યું છે કે ગ્રહણ, સ્વરૂપ, અસ્મિતા, અન્વય અને અર્થવત્ત્વ : આ પાંચ અહીં '**ग्रहणादि**' પદથી વિવક્ષિત છે.

તેમાં ઈન્દ્રિયોની વિષયાભિમુખી વૃત્તિને ગ્રહણ કહેવાય છે. સામાન્યથી પ્રકાશકત્વ(પ્રકાશ) સ્વરૂપ છે.

અસ્મિતા, અહંકારના અનુગમ(સંબંધ)ને કહેવાય છે. અન્વય અને અર્થવત્ત્વ આ પૂર્વે (૧૫મા શ્લોકમાં) વર્ણવ્યું છે. અનુક્રમે ગ્રહણ, સ્વરૂપ... વગેરે પાંચને વિશે સંયમ કરવાથી ઈન્દ્રિયો ઉપર જય પ્રાપ્ત થાય છે-એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર(૩-૪૭)માં ખૂબ જ સ્પષ્ટપણે જણાવ્યું છે કે 'ગ્રહણ, સ્વરૂપ, અસ્મિતા, અન્વય અને અર્થવત્ત્વના સંયમથી ઈન્દ્રિયો ઉપર જય પ્રાપ્ત થાય છે.'

આ રીતે ઈન્દ્રિયો ઉપર જય પ્રાપ્ત થવાથી મનોજવની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ યોગીને; મન જેવી રીતે શીઘ્ર દૂર સુદૂર જતું રહે છે, તેમ શરીરની અનુત્તમ(સર્વોત્કૃષ્ટ) ગતિ પ્રાપ્ત થાય છે. તેમ જ યોગીને વિકરણભાવની પ્રાપ્તિ થાય છે. ભિન્ન દેશમાં અને ભિન્ન કાળમાં શરીર હોવા છતાં અપરદેશકાલવૃત્તિ પદાર્થનું ઈન્દ્રિય દ્વારા જ્ઞાન થાય છે. ત્યારે શરીરની અપેક્ષા હોતી નથી. આવી જ રીતે પ્રકૃતિ-પ્રધાન ઉપર જયની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ કાર્યમાત્ર સ્વાધીન બને છે. આને મધુપ્રતીકા નામની સિદ્ધિ કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે 'ઈન્દ્રિયજયથી મનોજવિત્વ વિકરણભાવ અને પ્રધાનજય પ્રાપ્ત થાય છે.'-આ પ્રમાણે પાતંજલયોગસૂત્ર(૩-૪૮)માં વર્ણવાયું છે. ॥૨૬-૧૬॥

* * *

પૂર્વોક્ત બધા ય સંયમોનું ફળ જે વિવેકખ્યાતિને માટે વર્ણવાયું છે, તે વિવેકખ્યાતિનું અવાંતર ફળ વર્ણવાય

છે-

स्थितस्य सत्त्वपुरुषान्यताख्यातौ च केवलम् ।
सार्वज्ञ्यं सर्वभावानामधिष्ठातृत्वमेव च ॥२६-१७॥

"માત્ર સત્ત્વ અને પુરુષની અન્યતાખ્યાતિમાં સ્થિર થયેલા યોગીને સર્વજ્ઞતા અને સર્વભાવોનું અધિષ્ઠાતૃત્વ પ્રાપ્ત થાય છે."-આ પ્રમાણે સત્તરમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે પ્રકૃતિ અને પુરુષમાં સર્વથા ભેદ છે... ઈત્યાદ્યાકારક અન્યતા(વિવેક)ખ્યાતિમાં જ અર્થાદ્ ગુણાદિ(સત્ત્વાદિ)ના કર્તૃત્વનું અભિમાન શિથિલ થયે છતે ચિત્તનો જે શુદ્ધસાત્ત્વિક પરિણામ છે; તત્સ્વરૂપ અન્યતાખ્યાતિમાં જ જે યોગી સ્થિર રહે છે, તે યોગીને શાંત ઉદિત અને અવ્યપદેશ્ય ધર્મ સ્વરૂપે રહેલા સર્વ પદાર્થોનું વિવેકખ્યાતિને લઈને ઉત્પન્ન થયેલું વાસ્તવિક જ્ઞાન થાય છે અને સત્ત્વાદિ ગુણોના પરિણામવાળા સઘળાય પદાર્થોના સ્વામીની જેમ તે યોગી પ્રવર્ત્તે છે... ઈત્યાદિ પાતંજલયોગસૂત્ર(૩-૪૯)માં જણાવ્યું છે. ॥૨૬-૧૭॥

* * *

બીજા બધા સંયમો પુરુષાર્થાભાસરૂપ ફળવાળા હોવાથી વિવેકખ્યાતિસંયમ જ મુખ્ય પુરુષાર્થરૂપ ફળવાળો છે-એ વાત જણાવવા માટે પરવૈરાગ્યની ઉત્પત્તિ દ્વારા વિવેકખ્યાતિનું મુખ્ય ફળ જણાવાય છે-

स्मृता सिद्धि र्विशोकेयं, तद्वैराग्याच्च योगिनः ।
दोषबीजक्षये नूनं, कैवल्यमुपदर्शितम् ॥२६-१८॥

"આ(પૂર્વે જણાવેલી) સિદ્ધિને વિશોકા કહેવાય છે. તેને વિશે વૈરાગ્ય થવાથી યોગીના રાગાદિ દોષોના અવિદ્યાદિ સ્વરૂપ બીજનો ક્ષય થવાથી ચોક્કસપણે કૈવલ્ય સ્વરૂપ ફળ જણાવ્યું છે."-આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે વિવેકખ્યાતિથી પ્રાપ્ત થયેલી સર્વજ્ઞતા અને સર્વભાવાધિષ્ઠાયકતા સ્વરૂપ સિદ્ધિને વિશોકાસિદ્ધિ તરીકે શાસ્ત્રમાં વર્ણવી છે. કારણ કે એ અવસ્થામાં યોગી શોકથી રહિત થાય છે.

આ વિશોકા નામની સિદ્ધિમાં વૈરાગ્ય થવાથી યોગના ભાજન બનેલા યોગીના રાગ અને દ્વેષ વગેરે દોષોના બીજભૂત અવિદ્યા વગેરેનું નિર્મૂલન થાય છે અને તેથી નિશ્ચિતપણે પુરુષ કૈવલ્ય અવસ્થાને પ્રાપ્ત કરે છે. કારણ કે પરવૈરાગ્યની અવસ્થામાં પ્રકૃતિના સત્ત્વાદિ ગુણોનો પુરુષ માટેનો અધિકાર પરિસમાપ્ત થાય છે તેથી તે પોતાના કારણમાં લય પામે છે; જેથી પુરુષ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે, જે પુરુષની કૈવલ્ય અવસ્થા છે. આ વાત પાતંજલયોગસૂત્ર(૩-૫૦)માં વર્ણવી છે.

॥૨૬-૧૮॥

* * *

આ રીતે મોક્ષની સાધનામાં પ્રવૃત્ત થયેલા યોગીને જે

કારણે સ્થિરતા મળે છે અને જે કારણે વિઘ્ન આવે છે, તે જણાવાય છે-

**असङ्गश्चास्मयश्चैव, स्थितावुपनिमन्त्रणे ।**
**बीजं पुनरनिष्टस्य, प्रसङ्गः स्यात् किलान्यथा ॥२६-१९॥**

"ભોગનું સામેથી પ્રાપ્ત થયેલું નિમંત્રણ હોતે છતે સઙ્ગ અને સ્મય ન કરવો તે મોક્ષની સાધનામાં સ્થિતિનું બીજ છે. અન્યથા એવા પ્રસંગે સઙ્ગ કે સ્મય કરવાથી ફરી પાછો અનિષ્ટ પ્રસઙ્ગ આવશે."-આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે પૂર્વોક્ત વિવેકખ્યાતિ વગેરેથી પ્રાપ્ત થયેલી વિશોકાસમાધિમાં રહેલા યોગીને જ્યારે દેવતાઓ દિવ્ય સ્ત્રીઓ અને દિવ્યરસાયણો વગેરે આપીને ભોગ માટે નિમંત્રણ કરે છે, ત્યારે યોગી સઙ્ગ કે સ્મય કરતા નથી-એ યોગીની; મોક્ષની સાધનાની સ્થિરતાનું બીજ છે. આશય એ છે કે દેવતાઓ યોગીને ભોગો માટે નિમંત્રણ કરતાં કહે છે કે-"હે યોગિન્ ! આપ અહીં સ્થિતિ કરો, અને અહીં જ મજા કરો. જુઓ, આ કેવા રમણીય ભોગો છે ? આ કેવી રમણીય કન્યાઓ છે ? આ કેવું સુંદર રસાયણ છે ? કે જે જરા અને મૃત્યુને દૂર કરે છે. આ આકાશમાં ચાલનારું વિમાન છે. આપના ભોગ માટે કલ્પવૃક્ષો તૈયાર છે. આપના સ્નાન માટે આ મંદાકિની નદી છે. આ સિદ્ધપુરુષો આપની સેવામાં ઉપસ્થિત છે.

આ ઉત્તમ અને અનુકૂળ અપ્સરાઓ આપની સેવામાં તત્પર છે. આપનાં કાન અને નેત્રો દિવ્ય છે. શરીર વજ્રજેવું મજબૂત છે. એ પ્રમાણે યોગના સામર્થ્યથી આપે આ બધું પ્રાપ્ત કર્યું છે. તેથી દેવતાઓને પ્રિય એવા આ અજર અને અમર સ્વરૂપ એવા સ્થાનનો આપ સ્વીકાર કરો.''-આવા દેવતાઓનાં તે તે વચનોને સાંભળીને યોગી તેનો સંગ કરે નહીં. પરંતુ વિષયાદિનું તુચ્છત્વ ક્ષણિકત્વ... વગેરેનું પરિભાવન કરી યોગની સાધનામાં સ્થિર રહે. તેમ જ આવા પ્રસંગે એવો ગર્વ પણ ન ધરે કે 'હું કેવો પ્રભાવશાળી યોગી છું ? દેવતાઓ સ્વયં મારી પ્રાર્થના કરે છે...' આ પ્રમાણે સંગ અને સ્મય નહિ કરવાથી મોક્ષની સાધના સુસ્થિર બની રહે છે.

અન્યથા આવા પ્રસંગે સંગ કરવાથી ફરી પાછી વિષયની પ્રવૃત્તિનો પ્રસઙ્ગ આવે છે. તેમ જ ગર્વ કરવાથી યોગી પોતાની જાતને કૃતકૃત્ય માનીને સમાધિમાં ઉત્સાહ વગરનો થાય છે. બંન્ને રીતે અનિષ્ટનો પ્રસંગ આવે છે. આથી સમજી શકાશે કે અસઙ્ગ અને અસ્મય, સમાધિની સ્થિરતાનાં બીજ છે અને સઙ્ગ તેમ જ સ્મય, સમાધિભઙ્ગના કારણ છે... ઈત્યાદિ વર્ણવતાં યોગસૂત્ર(૩-૫૧)માં જણાવ્યું છે કે-''દેવતાઓ નિમંત્રણ કરે ત્યારે સઙ્ગ અને સ્મય ન કરવો. કારણ કે તેમ ન કરે તો ફરી પાછો અનિષ્ટ પ્રસઙ્ગ આવશે.'' ॥૨૬-૧૯॥

* * *

આ પૂર્વે જણાવ્યા મુજબ સમજી શકાય છે કે સર્વજ્ઞતા અને સર્વાધિષ્ઠાતૃતાનું કારણભૂત વિવેકજન્ય જ્ઞાન છે. હવે એ વિવેકજન્ય જ્ઞાનના ઉપાયાંતરને જણાવાય છે-

**स्यात् क्षणक्रमसंबंधसंयमाद् यद् विवेकजम् ।**
**ज्ञानं जात्यादिभिस्तच्च, तुल्ययोः प्रतिपत्तिकृत् ।।२६-२०।।**

"ક્ષણના ક્રમના સંબંધને વિશે સંયમ કરવાથી જે વિવેકના કારણે ઉત્પન્ન થયેલું જ્ઞાન છે, તે જાતિ વગેરેને લઈને સમાન એવા પદાર્થોને વિશે ભેદને ગ્રહણ કરનારું છે."-આ પ્રમાણે વીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય એ છે કે છેલ્લામાં છેલ્લા (નાનામાં નાના) અવિભાજ્ય એવા કાળના સૂક્ષ્મ અંશને ક્ષણ કહેવાય છે. તેનો ક્રમ, પૌર્વાપર્ય(પૂર્વાપરીભાવ)સ્વરૂપ છે. પૂર્વક્ષણ અને અપરક્ષણ બંન્ને એક સાથે હોતા નથી. તે ક્રમિક હોય છે. ક્ષણના ક્રમના સંબંધને વિશે સંયમ(ધારણા ધ્યાન અને સમાધિ) કરવાથી વિવેકજન્ય જ્ઞાન થાય છે. કારણ કે તે સંયમ, બે ક્ષણ વચ્ચેના સૂક્ષ્મ અંતરનો સાક્ષાત્કાર કરવા સમર્થ છે. આ વિષયને અનુલક્ષીને યોગસૂત્ર(૩-૫૨)માં જણાવ્યું છે કે-'ક્ષણ અને તેના ક્રમના સંબંધને વિશે સંયમ કરવાથી વિવેકજન્ય જ્ઞાન ઉત્પન્ન થાય છે.

આ વિવેકજન્યજ્ઞાન, જાત્યાદિના કારણે તુલ્ય (સમાન) પદાર્થોના વિવેક(ભેદ)ને કરે છે. આ વસ્તુને જણાવવા યોગસૂત્ર(૩-૫૩)થી જણાવ્યું છે કે-'જાતિ,

લક્ષણ અને દેશથી વસ્તુની ભિન્નતા જણાતી ન હોવાથી સમાન વસ્તુ(પદાર્થ)ની ભિન્નતા વિવેકજન્ય જ્ઞાનથી થાય છે.

એનો આશય એ છે કે પદાર્થમાં રહેલી જાતિ પદાર્થના ભેદને જણાવનારી છે. જેમ કે આ બળદ છે અને આ પાડો છે. અહીં ગોત્વ કે મહિષત્વ જાતિથી પદાર્થની અન્યતા(ભેદ) જણાય છે. સમાન-જાતીય પદાર્થનાં લક્ષણો પદાર્થની અન્યતાને જણાવે છે. જેમ કે આ ગાય કાબર-ચિતરી છે અને આ ગાય લાલ છે. અહીં બંન્ને ગાયો ગોત્વ-જાતિને આશ્રયીને સમાન હોવા છતાં, તેના રૂપાત્મક લક્ષણને આશ્રયીને તે ગાયોમાં ભેદ જણાય છે. આવી જ રીતે જાતિ અને લક્ષણ : બંન્નેની અપેક્ષાએ સમાન એવા પદાર્થોમાં તેના દેશના કારણે ભેદની પ્રતીતિ થાય છે. જેમ કે એકસરખા પ્રમાણવાળા આમળાઓ, તેની જાતિ અને તેનું લક્ષણ સમાન હોવા છતાં તેના દેશ(આધારભૂત સ્થાન)ની અપેક્ષાએ તે બંન્નેમાં અન્યતાની પ્રતીતિ થાય છે. પરંતુ જ્યાં દેશ, જાતિ અને લક્ષણ : એ ત્રણેય સમાન છે ત્યાં અન્યતાની પ્રતીતિનું કોઈ કારણ નથી. જેમ કે શુકલ-વર્ણવાળા બે પાર્થિવ પરમાણુ જાતિ લક્ષણ અને દેશને આશ્રયીને તુલ્ય હોવાથી તેના ભેદક નથી. આવા સ્થળે ઉપર જણાવ્યા મુજબ ક્ષણક્રમના સંબંધને વિશે સંયમ કરવાથી પ્રાપ્ત થયેલું વિવેકજન્ય જ્ઞાન જ ભેદની

પ્રતિપત્તિનું કારણ બને છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ||૨૬-૨૦||

* * *

વિવેકજન્ય(વિવેકજ) જ્ઞાનના અવાંતર ફળનું નિરૂપણ કર્યું. હવે તેના મુખ્ય ફળનું વર્ણન કરતાં તેની મોક્ષોપયોગિતા વર્ણવાય છે-

**तारकं सर्वविषयं, सर्वथाविषयाक्रमम् ।**

**शुद्धिसाम्येन कैवल्यं, ततः पुरुषसत्त्वयोः ॥२६-२१॥**

''વિવેકના કારણે ઉત્પન્ન થયેલું એ જ્ઞાન, સર્વ-વિષયક તેમ જ સર્વથા વિષયક્રમથી રહિત હોય છે. તેને તારક જ્ઞાન કહેવાય છે. તેથી પુરુષ અને સત્ત્વમાં શુદ્ધિની સામ્યતા થવાથી કૈવલ્ય થાય છે.''-આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે.'' એનો આશય સ્પષ્ટ છે કે પૂર્વે જણાવ્યા મુજબના સ્વરૂપવાળું વિવેકથી ઉત્પન્ન થયેલું જ્ઞાન 'અગાધ એવા સંસારસમુદ્રથી આત્માને તારે છે'-આ અર્થને અનુકૂળ એવા નામને અનુસરીને તારક સ્વરૂપ છે અર્થાદ્ એ જ્ઞાનને તારક કહેવાય છે.

આ તારક જ્ઞાન સર્વવિષયક છે. સાંખ્યદર્શન-પ્રસિદ્ધ મહદ્ આદિ બધાં જ તત્ત્વો એ જ્ઞાનના વિષય છે. તેમ જ સર્વ પ્રકારે અર્થાત્ સૂક્ષ્મ, સ્થૂલ, વ્યવહિત, અવ્યવહિત... ઈત્યાદિ સર્વ પ્રકારે બધા જ વિષયને તે ગ્રહણ કરે છે.

તેથી તેને સર્વથા વિષયવાળું જ્ઞાન કહેવાય છે. એવું જ્ઞાન પણ ક્રમથી રહિત છે. સકળ અનેક અવસ્થાઓમાં પરિણત થયેલા અર્થના ગ્રહણમાં કોઈ ક્રમ નથી. પ્રથમ અતીતનું પછી વર્ત્તમાનનું અને પછી ભવિષ્યનું; તેમ જ પ્રથમ શાંત, પછી ઉદિત અને પછી અવ્યપદેશ્ય... ઈત્યાદિ પ્રકારે ક્રમિક વિષયનું ગ્રહણ થતું નથી. એકીસાથે સઘળાય વિષયોનું બધી રીતે ગ્રહણ થાય છે. સર્વથા વિષયવાળું એવું ક્રમરહિત જ્ઞાન-આ રીતે **सर्वथाविषयाक्रमम्** અહીં કર્મધારયસમાસ વિવક્ષિત છે. આ રીતે **तारक** પદથી, **सर्वविषय** પદથી અને **सर्वथाविषयाक्रम** પદથી વિવેકજન્ય જ્ઞાનની અનુક્રમે સંજ્ઞા, વિષય અને અભાવને આશ્રયીને વ્યાખ્યા કરી છે. એ પ્રમાણે યોગસૂત્રમાં(૩-૫૪માં) જણાવ્યું છે, જેનો આશય ઉપર જણાવ્યા મુજબ છે.

તે તારકજ્ઞાનથી પુરુષ અને સત્ત્વમાં(બુદ્ધિસત્ત્વમાં) શુદ્ધિનું સામ્ય થવાથી કૈવલ્ય થાય છે. ઉપચરિત ભોગના અભાવ સ્વરૂપ શુદ્ધિ પુરુષને આશ્રયીને છે અને સત્ત્વ-(બુદ્ધિ)ને આશ્રયીને તો, સર્વથા કર્તૃત્વના અભિમાનની નિવૃત્તિ થવાથી બુદ્ધિ પ્રતિલોમપરિણામે પોતાના કારણમાં લીન થાય છે. તે સ્વરૂપ છે-આ વાતનું નિરૂપણ યોગસૂત્ર-(૩-૫૫)માં કર્યું છે. કહેવાનો આશય એ છે કે વિવેક-ખ્યાતિને લીધે પુરુષ અને બુદ્ધિના અભેદગ્રહની નિવૃત્તિ થવાથી પુરુષને બુદ્ધિના કોઈ પણ ધર્મની સાથે કશો જ સંબંધ રહેતો ન હોવાથી ઔપચારિક ભોગનો પણ અભાવ

થાય છે. આવી સ્થિતિમાં પુરુષ માટે ભોગ સંપાદન કરનારી બુદ્ધિને પણ એનું કોઈ પ્રયોજન ન હોવાથી તે પણ પોતાના કારણભૂત અહંકારાદિમાં લીન થાય છે. આથી સ્વસ્થિતિના આવિર્ભાવ સ્વરૂપ શુદ્ધિનું સામ્ય પ્રાપ્ત થાય છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. ॥૨૬-૨૧॥

* * *

આ રીતે પાંચમા શ્લોકથી એકવીસમા શ્લોક સુધીના શ્લોકોથી પાતંજલદર્શનના અભિપ્રાયથી સામાન્યથી યોગનું માહાત્મ્ય વર્ણવ્યું. હવે એ વિષયમાં ઉપપત્તિ અને અનુપપત્તિનું દિશાસૂચન કરાય છે-

**इह सिद्धिषु वैचित्र्ये, बीजं कर्मक्षयादिकम् ।**
**संयमश्चात्र सदसत्प्रवृत्तिविनिवृत्तितः ॥२६-२२॥**

"અહીં સિદ્ધિઓના વૈચિત્ર્યમાં કર્મક્ષયાદિ કારણ છે અને સત્પ્રવૃત્તિ તથા અસદ્‌ની વિનિવૃત્તિથી જ સંયમ છે."- આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, આ પૂર્વે આ ગ્રંથમાં જે યોગની સિદ્ધિઓનું વર્ણન કર્યું; તે સિદ્ધિઓમાં જે વૈચિત્ર્ય(વિશિષ્ટતા) છે; તેમાં બીજભૂત કર્મક્ષય અને કર્મક્ષયોપશમ વગેરે છે.

સામાન્ય રીતે સિદ્ધિઓ જ્ઞાનસ્વરૂપ છે અને વીર્ય-સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ સિદ્ધિઓમાં જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ વગેરે કારણ છે અને વીર્યવિશેષસ્વરૂપ

સિદ્ધિઓમાં વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ વગેરે કારણ છે. આ સિદ્ધિઓમાં જે સંયમને હેતુ તરીકે વર્ણવ્યો છે, એ સંયમ પણ, સત્પ્રવૃત્તિ અને અસદ્‌ની નિવૃત્તિ કરવાથી, તેવા પ્રકારના મોહનીયકર્મના ક્ષયોપશમાદિના આધાન (પ્રાપ્તિ) દ્વારા જ કારણ બને છે. માત્ર તે તે વિષયના જ્ઞાનના પ્રણિધાનાદિ સ્વરૂપ સંયમ સિદ્ધિઓની પ્રત્યે કારણ બની શકે નહીં. અનંતવિષયક(સર્વવિષયક) જ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યેક વિષયના સંયમથી શક્ય નથી. શ્રી તીર્થંકર પરમાત્માએ વિહિત કરેલા અનુષ્ઠાનના પ્રણિધાનમાત્રના સંયમથી જ મોહનીયકર્મનો ક્ષય થાય છે અને તેથી અનંત-વિષયક જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આથી સમજી શકાશે કે ધારણા ધ્યાન અને સમાધિ સ્વરૂપ તે તે સંયમમાત્રથી સર્વવિષયક જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. ચિત્તની એકાગ્રતા માટે તે તે આલંબનનો નિષેધ નથી. પરંતુ એ આલંબનો આત્મપ્રણિધાનમાં પરિણમે તો જ તે સફળ છે અર્થાદ્ મોક્ષસાધક છે. સાંખ્યો આત્માને જ્ઞેય માનતા નથી. તેથી તેનું પ્રણિધાન શક્ય નથી. આત્માને જ્ઞેય માનવામાં ન આવે તો બાકીની બધી જ વાતો નિરર્થક બની જાય છે... ઈત્યાદિથી અધિક જાતે વિચારવું જોઈએ. અહીં તો માત્ર દિગ્દર્શન કર્યું છે. ॥૨૬-૨૨॥

* * *

ચિરકાળથી સંચિત એવાં કર્મોના નાશના ઉપાયભૂત

યોગને જણાવાય છે-

**प्रायश्चित्तं पुनर्योगः, प्राग्जन्मकृतकर्मणाम् ।**
**अब्धीनां निश्चयादन्तः,-कोटाकोटिस्थितेः किल ॥२६-२३॥**

"પૂર્વજન્મમાં કરેલાં કર્મોનું પ્રાયશ્ચિત્ત પણ યોગ છે. ખરેખર જ નિશ્ચયથી એ કર્મોની સ્થિતિ અંતઃકોટાકોટિ સાગરોપમ હોય છે."-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, પૂર્વ જન્મોમાં કરેલાં પાપકર્મોના નાશ માટે પ્રાયશ્ચિત્તયોગ છે. પ્રાયશ્ચિત્તથી એ પાપકર્મોનો નાશ થાય છે. તેથી પ્રાગ્જન્મમાં કરેલાં કર્મોનો યોગ પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

ખરેખર જ એક અંતઃકોટાકોટિ સાગરોપમ પ્રમાણની કર્મોની સ્થિતિ અપૂર્વકરણ(આઠમા ગુણસ્થાનક)ના પ્રારંભે પણ નિશ્ચયથી હોય છે. એ પ્રમાણે વિશેષાવશ્યક-મહાભાષ્યમાં પ્રસિદ્ધ છે અને એ કર્મો ધર્મસંન્યાસયોગથી જ નાશ કરી શકાય છે. એ બધાં કર્મો ભોગવીને ખપાવવાં પડે તો ક્યારે પણ મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. ક્ષયોપશમ-ભાવના ધર્મોનો (ક્ષમાદિ ધર્મોનો) જેમાં ત્યાગ કરવાનો હોય છે અને ક્ષાયિક ધર્મોની જેમાં પ્રાપ્તિ છે, તે યોગને ધર્મસંન્યાસયોગ કહેવાય છે; જેની પ્રાપ્તિ અપૂર્વકરણે (આઠમા ગુણઠાણે) થાય છે. ધર્મસંન્યાસયોગ પ્રવ્રજ્યાના કાળમાં હોય છે. શ્રી પંચાશકપ્રકરણમાં જણાવ્યું પણ છે કે પ્રાગ્જન્મકૃત કર્મોનું પ્રાયશ્ચિત્ત પ્રવ્રજ્યા છે. આથી સમજી

શકાશે કે કર્મોના નાશ માટે સાઙ્ખ્યાભિમત કાયવ્યૂહ નિરર્થક છે. તેનો નાશ ધર્મસંન્યાસયોગ(સામર્થ્યયોગ)થી થાય છે... ઈત્યાદિ વિચારવું જોઈએ. ।।૨૬-૨૩।।

* * *

પ્રાગ્‌જન્મનાં નિકાચિત કોટિનાં કર્મોનો નાશ કરવા માટે કાયવ્યૂહ આવશ્યક છે આ શંકાનું સમાધાન કરાય છે-

**निकाचितानामपि यः, कर्मणां तपसा क्षयः ।**
**सोऽभिप्रेत्योत्तमं योगमपूर्वकरणोदयम् ।।२६-२४।।**

''નિકાચિત એવાં પણ કર્મોનો જે ક્ષય તપથી વર્ણવાય છે, તે અપૂર્વકરણે(સામર્થ્યયોગમાં) પ્રાપ્ત થયેલ ઉત્તમ એવા યોગસ્વરૂપ તપને આશ્રયીને છે.''-આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે તપથી નિકાચિત એવાં પણ કર્મો ક્ષય પામે છે-આ પ્રમાણેના વચનથી માત્ર ધર્મસંન્યાસયોગથી જ કર્મોનો નાશ થાય છે એવું નથી-આ શઙ્કાનું સમાધાન આ શ્લોકથી કરાય છે.

ઉપશમનાદિકરણાંતર માટે જે કર્મો અયોગ્યસ્વરૂપે વ્યવસ્થાપિત છે, તે કર્મોને નિકાચિત કર્મો કહેવાય છે. 'તપથી નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે...' ઈત્યાદિ વચનથી કર્મોનો(નિકાચિતનો) જે ક્ષય તપથી જણાવ્યો છે; તે કર્મક્ષય, અપૂર્વકરણગુણસ્થાનકે પ્રાપ્ત થયેલા ઉત્તમ

એવા ધર્મસંન્યાસસ્વરૂપ યોગને આશ્રયીને છે. એની પૂર્વેના બીજા કોઈ તપને આશ્રયીને એ વાત જણાવી નથી... ઈત્યાદિ સમજી લેવું જોઈએ. આથી વિશેષ આ વિષયનું વર્ણન સ્વયં ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષાદિમાં કર્યું છે. વિસ્તારાર્થીએ તે ત્યાંથી જ જાણી લેવું જોઈએ.

।।૨૬-૨૪।।

* * *

યોગના અચિંત્ય સામર્થ્યનું દૃષ્ટાંતથી સમર્થન કરાય છે-

**अपि क्रूराणि कर्माणि, क्षणाद् योगः क्षिणोति हि ।**
**ज्वलनो ज्वालयत्येव, कुटिलानपि पादपान् ।।२६-२५।।**

''ભયંકર એવાં પણ કર્મોને ક્ષપકશ્રેણીકાળમાંનો જ્ઞાનયોગ ક્ષણવારમાં ક્ષીણ કરે છે. ગમે તેવા કુટિલ એવાં વૃક્ષોને અગ્નિ બાળે જ છે.''-આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે વૃક્ષોને જેમ અગ્નિ બાળે છે, તેમ સામર્થ્યયોગમાં પ્રગટેલો જ્ઞાનાગ્નિસ્વરૂપ યોગ કર્મસ્વરૂપ ઈન્ધનને પણ ક્ષણવારમાં બાળી નાંખે છે.

યોગના અચિંત્ય સામર્થ્યનો ખ્યાલ ઉપર જણાવેલી વાતથી સારી રીતે આવે છે. સામર્થ્યયોગની અવસ્થામાં પ્રાપ્ત થતા યોગનો પ્રભાવ ખૂબ જ પ્રસિદ્ધ છે. ભવોભવની સાધનાની સિદ્ધિનો એ અનુભવ છે. અનાદિ અને અનંત આ સંસારમાં કર્મની ભયંકરતાની પ્રતીતિ થાય નહીં અને

તેના ઉચ્છેદની ભાવના ન થાય, ત્યાં સુધી અહીં વર્ણવેલા યોગનું માહાત્મ્ય સમજવાનું શકય નથી. એક અંતઃકોટાકોટિ સાગરોપમ પ્રમાણ સ્થિતિવાળાં કર્મોનો ક્ષય માત્ર અંતર્મુહૂર્ત્ત કાળમાં થાય છે-એ એકમાત્ર યોગનો પ્રભાવ છે. આપણે ઉત્કટ સાધનને ઈચ્છીએ છીએ પરંતુ સિદ્ધિની ઉત્કટ ઈચ્છા છે કે નહિ-એનો વિચાર પણ કરતા નથી. જિહાસાથી દિદક્ષા સુધી પહોંચતા તો સાધનાની કંઈકેટલી ય ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે. ત્યાર પછી જ આ કર્મનાશક યોગની પ્રાપ્તિ થાય છે. ॥૨૬-૨૫॥

* * *

યોગની પ્રાપ્તિ થયા પછી ભૂતકાળનાં કોઈ પણ કર્મો નાશ પામ્યા વિના રહેતાં નથી-એ દૃષ્ટાંતથી જણાવાય છે અર્થાત્ યોગથી ગમે તેવાં કર્મો પણ નાશ પામે છે-એ દૃષ્ટાંતથી જણાવાય છે-

**दृढप्रहारिशरणं, चिलातिपुत्ररक्षकः ।**
**अपि पापकृतां योगः, पक्षपातान्न शङ्कते ॥२६-२६॥**

''દૃઢપ્રહારીએ જેનું શરણું સ્વીકારેલું અને ચિલાતી-પુત્રનું રક્ષણ કરનાર એવો યોગ પાપ કરનારના પક્ષપાતથી શઙ્કા નથી કરતો.''-આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે બ્રાહ્મણ, સ્ત્રી, ગર્ભ અને ગાય-એ ચારની હત્યાને કરનાર દૃઢપ્રહારીનો વૃત્તાંત અને સુષમાનું માથું ધડથી જુદું કરનાર ચિલાતિપુત્રનો વૃત્તાંત પ્રસિદ્ધ છે.

આવા ભયંકર પાપ કરનારા પણ યોગને પ્રાપ્ત કરી ક્ષણવારમાં સ્વકલ્યાણનાં ભાજન બન્યા છે. એ વખતે 'આ પાપી છે માટે એમને તારવા નથી.' આવો પક્ષપાત યોગે કર્યો નહિ. અર્થાદ્ એવાં પાપકર્મોનો પણ યોગથી ક્ષય થયો છે... ઈત્યાદિ સમજી શકાય છે. ॥૨૬-૨૬॥

* * *

યોગનો મહિમા જ વર્ણવાય છે-

अहर्निशमपि ध्यातं, योग इत्यक्षरद्वयम् ।
अप्रवेशाय पापानां, ध्रुवं वज्रार्गलायते ॥२६-२७॥

"રાતદિવસ-સતત 'યોગ' આ બે અક્ષરનું ધ્યાન કરવામાં આવે તો તે, આત્મામાં પાપનો પ્રવેશ થવા નહિ દેવા માટે વજની અર્ગલા(આગળિયો) બને છે."-આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે-યોગની સાધના તો સિદ્ધિઓનું સ્થાન છે જ. પરંતુ માત્ર યોગનું નામસ્મરણ-ધ્યાન પણ આત્માને પાપથી દૂર રાખે છે અર્થાદ્ આત્મામાં પાપનો પ્રવેશ જ થવા દેતું નથી. ॥૨૬-૨૭॥

* * *

યોગ જેમ મોક્ષનું સાધન છે, તેમ બીજા કોઈ દુષ્ટ આશયથી કરેલી યોગની પ્રવૃત્તિ ઉપદ્રવને કરનારી બને છે-તે જણાવાય છે-

आजीविकादिनार्थेन, योगस्य च विडम्बना ।
पवनाभिमुखस्थस्य, ज्वलनज्वालनोपमा ॥२६-२८॥

"આજીવિકાદિના પ્રયોજનથી જે યોગની વિડંબના છે તે પવનની સામે રહેલાની અગ્નિ પ્રગટાવવા જેવી ક્રિયા છે."-આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે જેઓ જીવનનો નિર્વાહ, માનસન્માન કે ખ્યાતિ વગેરે માટે યોગની પ્રવૃત્તિ કરે છે, તેમને તેના ફળ-સ્વરૂપે વિડંબના જ પ્રાપ્ત થાય છે. યોગના ફળ તરીકે પ્રાપ્ત થનારી સિદ્ધિઓ તો દૂર રહી, પરંતુ ભવાંતરમાં યોગનું શ્રવણ પણ મળે નહીં.

આ વાતને ઉપમા દ્વારા શ્લોકના ઉત્તરાર્દ્ધથી સમજાવી છે. પાક(રસોઈ) વગેરેના સાધનભૂત અગ્નિને પણ કોઈ માણસ પવનની સામે રહીને અયોગ્ય રીતે પ્રગટાવે તો, તેના ફળની પ્રાપ્તિના બદલે તેને પોતાને જ તે બાળી નાખે. આવી રીતે જ આજીવિકાદિના આશયથી કરાયેલી યોગની પ્રવૃત્તિ અનર્થનું જ કારણ બને છે. તેથી શ્રી વીતરાગ પરમાત્માએ વિહિત કરેલા આશયથી જ યોગની આરાધના કરવી જોઈએ. અન્યથા તો તેની વિડંબના છે-એ સૂચવ્યું છે. ॥૨૬-૨૮॥

* * *

વિશુદ્ધ આશય વિના કરેલી યોગની આરાધનાના અનિષ્ટ ફળને જણાવીને હવે શુદ્ધ આશયથી થયેલી યોગની

સ્પૃહા પણ ઈષ્ટ ફળને આપનારી છે, તે જણાવાય છે-

**योगस्पृहापि संसारतापव्ययतपात्ययः ।**
**महोदयसरस्तीरसमीरलहरीलयः ॥२६-२९॥**

"યોગની સ્પૃહા પણ સંસારના તાપને દૂર કરવા માટે વાદળસમાન છે. મહોદય-મોક્ષસ્વરૂપ સરોવરના તીર ઉપરના પવનની લહેરના સ્પર્શ સ્વરૂપ છે."-આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો ભાવ સ્પષ્ટ છે કે યોગની પ્રાપ્તિથી તો પૂર્વે જણાવ્યા મુજબ મોક્ષની પ્રાપ્તિ થાય છે. પણ યોગની સ્પૃહાથી પણ આ સંસારના તાપનો વ્યય થાય છે. સંસારના તાપના વિનાશ માટે યોગની સ્પૃહા વાદળજેવી છે. અહીં યાદ રાખવું જોઈએ કે આ સંસારમાં પાપના યોગે જ્યારે દુઃખ આવે છે, ત્યારે તો સંસારના તાપનો અનુભવ થાય છે; પરંતુ જ્યારે પુણ્યના યોગે સુખ મળે ત્યારે સંસારના તાપનો અનુભવ થાય તો તેને દૂર કરવા માટે યોગની સ્પૃહા થતી હોય છે અને તેથી ચોક્કસ જ તે તાપનો વ્યય થાય છે. બાકી તો સંસારમાં પ્રાપ્ત થતા દુઃખને દૂર કરવા અને પુણ્યથી મળતા સુખને મેળવવા માટે યોગની સ્પૃહા થાય તો તે વાસ્તવિક નથી. સંસારમાત્રના ઉચ્છેદની ઈચ્છાથી (જિહાસાથી) જે યોગની સ્પૃહા થાય છે, તે સ્પૃહા વાસ્તવિક છે અને એવી સ્પૃહા સંસારના તાપને દૂર કરવા માટે વાદળજેવી છે. સૂર્યના તાપને વાદળ જેમ અંશતઃ દૂર

કરે છે, તેમ અંશતઃ સંસારના તાપને દૂર કરવાનું સામર્થ્ય યોગની સ્પૃહામાં છે. સવાલ માત્ર જિજ્ઞાસાનો છે.

આ રીતે યોગની સ્પૃહાથી અલ્પાંશે પણ સંસારના તાપનો વ્યય-ક્ષય થવાથી તેટલા અંશે મોક્ષના આનંદનો અનુભવ થાય છે. તેથી આત્મા, મોક્ષ(મહોદય)સ્વરૂપ સરોવરના કિનારા (તટ-તીર) ઉપરના પવનની લહેરની શીતળતા જેવી શીતળતાનો અનુભવ કરે છે. તાદશ પવનની લહેરના લય(સ્પર્શ)જેવી યોગની સ્પૃહા છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૬-૨૯॥

*

અન્યદર્શનોમાં પણ યોગનું નિરૂપણ છે, પરંતુ તે તાત્ત્વિક નથી, એ જણાવાય છે.

**योगानुग्राहको योऽन्यैः, परमेश्वर इष्यते ।**
**अचिन्त्यपुण्यप्राग्भार,-योगानुग्राह्य एव सः ॥२६-३०॥**

"યોગની પ્રાપ્તિ કરાવનાર ઈશ્વરને અન્ય દર્શનકારો માને છે. પરંતુ અચિંત્ય એવા પુણ્યસંભારને ધારણ કરનારા શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલા યોગને, ઈશ્વરે પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે અર્થાદ્ જેને અન્ય દર્શનકારો અનુગ્રહ કરનાર તરીકે ઈચ્છે છે, તે વસ્તુતઃ અનુગ્રહપાત્ર છે."-આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે-'એકચિત્તે જે લોકો મારી ઉપાસના કરે છે તેના યોગક્ષેમને હું કરું છું...' ઈત્યાદિ વચનોથી અન્ય

દર્શનકારોએ ઈશ્વરના અનુગ્રહથી મુમુક્ષુઓને યોગની પ્રાપ્તિ થાય છે-એ પ્રમાણે વર્ણવ્યું છે. પણ ખરી રીતે તો અન્યાભિમત ઈશ્વરને જ હજુ યોગની પ્રાપ્તિ થઈ નથી. એમનું સ્વરૂપ જે રીતે વર્ણવાયું છે તે જોતાં તો શસ્ત્રાદિનો સંપર્ક અને કામિનીનો સઙ્ગ... ઈત્યાદિના કારણે સ્વયં વિટંબણા પામેલા છે. એનાથી મુક્ત થવા માટે તેમને પોતાને જ યોગની પરમાવશ્યકતા છે. યોગથી જેને અનુગ્રાહ્ય થવાનું છે તે યોગના અનુગ્રાહક કઈ રીતે થાય-એ સમજી શકાય એવું છે.

આથી સ્પષ્ટ છે કે અન્યદર્શનમાં તાત્ત્વિક યોગ નથી. માત્ર યોગનો આભાસ છે. દરિદ્રના મનોરથોની જેમ અન્યદર્શનકારો યોગના પરમાર્થથી ઘણા દૂર-સુદૂર છે... ઈત્યાદિ સ્વયં સમજી લેવું જોઈએ. અથવા સુયોગ્ય અધ્યાપકો પાસેથી એ સમજી લેવાની આવશ્યકતા છે. અન્યથા મિથ્યાત્વની પ્રાપ્તિ થવામાં વિલંબ નહીં થાય. ॥૨૬-૩૦॥

* * *

યોગના અપૂર્વ સામર્થ્યને જણાવાય છે-

**भरतो भरतक्षोणीं, भुञ्जानोऽपि महामतिः ।**
**तत्कालं योगमाहात्म्याद्, बुभुजे केवलश्रियम् ॥२६-३१॥**

"છ ખંડ ભરતની સમગ્રભૂમિને ભોગવવા છતાં મહામતિ એવા ચક્રવર્ત્તી ભરતમહારાજાએ તે કાલે યોગના

પ્રભાવથી કેવલજ્ઞાનસ્વરૂપ લક્ષ્મીને અનુભવી.''-આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ અવસર્પિણીના પ્રથમ ચક્રવર્ત્તીપણાનાં સુખોનો ઉપભોગ કરોડો વર્ષો સુધી કરવા છતાં, યોગના પ્રભાવથી; તત્કાળ કેવળજ્ઞાનસ્વરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરી હતી. મહારંભ અને મહાપરિગ્રહના સુદીર્ઘકાળમાં જે કર્મબંધ થયો હોય એવાં પણ કર્મોનો ક્ષય, યોગની પ્રાપ્તિ થતાંની સાથે થયો. અચિંત્ય છે, યોગનું સામર્થ્ય ! ભરતમહારાજાનો વૃત્તાંત સુપ્રસિદ્ધ છે. યોગશાસ્ત્ર... વગેરે ગ્રંથથી એ જાણી લેવો જોઈએ.

॥૨૬-૩૧॥

* * *

શ્રી ભરતમહારાજાએ પૂર્વભવમાં સુંદર કોટિની સંયમની સાધના કરી હતી. તેના યોગે બંધાયેલા પુણ્યના ઉદયથી પ્રાપ્ત ચક્રવર્ત્તિપણાના ભોગોની પ્રવૃત્તિમાં પણ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ રીતે પૂર્વે જેમને ધર્મની પ્રાપ્તિ થઈ છે, તેમને વિશે યોગનું માહાત્મ્ય વર્ણવીને હવે પૂર્વે જેમને ધર્મની પ્રાપ્તિ થઈ ન હતી, તેમને વિશે યોગનું માહાત્મ્ય વર્ણવાય છે-

**पूर्वमप्राप्तधर्मापि, परमानंदनंदिता ।**
**योगप्रभावतः प्राप, मरुदेवा परं पदम् ।।२६-३२।।**

''પૂર્વે જેમને ધર્મની પ્રાપ્તિ થઈ નથી એવા મરુદેવા માતા, યોગના પ્રભાવથી પરમાનંદમાં આનંદિત થયેલા

પરં-પદને પામ્યા.''-આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે તથાભવ્યત્વાદિના કારણે આ સંસારમાં મરુદેવામાતા છેલ્લા ભવની પૂર્વે ધર્મની જેમ ત્રસપણું પણ ક્યારે ય પામ્યા ન હતા. પરંતુ યોગના અપ્રતિમ સામર્થ્યથી પરમાનંદથી આનંદિત થયેલા તેઓ પરં-પદ(મોક્ષ)ને પામ્યા હતા. તેમનો પણ વૃત્તાંત પ્રસિદ્ધ છે.

શ્રી મરુદેવામાતાનું ઉદાહરણ યોગના અચિંત્ય પ્રભાવને વર્ણવવા માટે સરસ છે. વિશિષ્ટ તથાભવ્યત્વના કારણે આવા પ્રકારના અચિંત્ય સામર્થ્યવાળા યોગની પ્રાપ્તિ થતી હોય છે. દરેક આત્માનું તથાભવ્યત્વ સરખું હોતું નથી. આપણને પણ આપણા તથાભવ્યત્વનો ખ્યાલ નથી. આવી સ્થિતિમાં શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ તથાભવ્યત્વના પરિપાકનાં સાધનોને સેવી શ્રી મરુદેવી માતાની જેમ તો નહિ, પરંતુ તેઓશ્રીએ પ્રાપ્ત કરેલા પરમપદને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા... ॥૨૬-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां प्रकरणे योगमाहात्म्यद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥